# બુદ્ધિપ્રભા




વંદન હો વિશ્વવંદ્ય વિરલ દિવ્ય મહાન વિભૂતિ

યોગયોગીશ્વર જ્યોતિર્ધરને

6433

વર્ષ ૩ જું. : અંક ૮ : સંવત ૨૦૧૮ : જેઠ
સને ૧૯૬૨ : જુન વીર સંવત ૨૪૮૮ : સળંગ અંક ૩૨

# આચાર્યની દિવ્ય દૃષ્ટિએ............

લે :—શ્રીમદ્ કીર્તિસાગરસૂરીશ્વરજી

સૌજન્ય ખમીરવંતા ઉત્તમ માણસોના વિચારો, ઉચ્ચારો, અને આચારો પણ ઉચ્ચ કોટીનાજ હોય છે. તેઓ કદાપિ કોઈનું પણ ખરાબ કરવાની તેમજ નુકસાન પીડાઓ ઉભી કરવાની ઇચ્છાઓ પણ કરતા નથી. જેથી પ્રતિપક્ષ વર્ગ કે શત્રુઓ નમતા આવે ત્યારે પણ ક્ષમાને ધારણ કરવા પૂર્વક તેઓના ઉપર દ્વેષ ધારણ નહી કરતા વાત્સલ્ય પ્રેમ ધારણ કરે છે. અને દૂર્જનને અધમ મનુષ્યો પ્રતિપક્ષ કે શત્રુઓ નમતાં આવે ત્યારે અધિક ક્રોધાતુર બની વિવિધ દુઃખોને આપવાનું ચુકતા નથી. ઉત્તમ મનુષ્યો નમન કર્યા પછી તેને ખુશી–પ્રસન્ન કરીને ઉત્તમ માર્ગ બતાવી મદદ કરે છે. પણ હલકા માણસો મનમાં ડંખ રાખી, વખત આવી મળતાં તેઓ સજ્જનોને દુઃખ–પીડાઓ ઉત્પન્ન કરવામાં પાછી પાની કરતા નથી. અને પોતાની હલકાઈનો ત્યાગ નહી કરવાથી ઉત્તમ વિચારો, ઉચ્ચારો, ને આચારોને પ્રાપ્ત કરવામાં બેનસીબ બની રહે છે. જેથી નીચ વિચારોને હલકી ગતિને આવવાનો માર્ગ ખુલ્લો કરી આપે છે. માટે ઉત્તમ કક્ષાના–ગુણોને. તેમજ ઉત્તમ સ્થાન–ગતિને પ્રાપ્ત કરવી હોય તો કષ્ટો સહન કરીને પણ ઉત્તમ વિચાર–ઉચ્ચારને આચારને ધારણ કરો.

ઉત્તમ આચારો વિના ઉત્તમ વિચારોને કરશો. અથવા ઉત્તમ ઉચ્ચારો કરશો તો પણ લાંબો વખત ટકી શકશે નહીં. કારણ કે પ્રતિકૂળ નિમિત્તો વા સંયોગો આવી મળતાં આચાર વિના તે વિચારો ને ઉચ્ચારોનું પરિવર્તન થયા વગર રહેતું નથી. ઉત્તમ વિચારો ને ઉચ્ચારો સાથેજ આચારો હશે તોજ ઉત્તમ સંયોગો—નિમિત્તોની સાથે ગતિ પણ આવી મળશે. ઘણાં મનુષ્યોનાં વિચારો ઉત્તમ અને મધુર વચનો હોય છે. છતાં આચારમાં ઘણી ખામી દેખાતી હોવાથી તેમના વચનો ઉપર વિશ્વાસ રાખવામાં આવતો નથી. અને તેમની સાથે પરિચયમાં આવતાં તેમજ વ્યવહારિક કાર્યો કરતાં પણ શંકા રહ્યા કરે છે.

જેમ સમ્યગ્ દર્શન–જ્ઞાન અને ચારિત્ર એ રત્નત્રયિની આરાધના કરવી તે મોક્ષમાર્ગ છે. તે પ્રમાણે વિચાર ઉચ્ચાર અને આચાર આ ત્રણેની સાથેનો સુયોગ ને આચરણ પૂર્વકની આરાધના હોય તો અવશ્ય સદ્ગતિની પ્રાપ્તિ થવા પામે અને સાથે સાથે પરલોકમાં પણ વાંછિત સુખ–સાધન સામગ્રીઓ આવી મળે, માટે ઉત્તમ વિચારો–ઉચ્ચારો આચારોની ભવ્ય દિવ્યતાને પ્રગટ કરો અને આત્માને નિર્મળ બનાવી, મહામુલા જીવનના મનમંદિરીએ માનવતાનો દીવડો પ્રગટાવી, સંસ્કાર સૌરભના સુગંધી પુષ્પો ચઢાવી ચોમેર પમરાટ પ્રસરાવીને, શાશ્વત સુખ–સ્થાનને પામો.

# બુદ્ધિપ્રભા

: માસિક :

તંત્રીઓ :- પંડિત છબીલદાસ કેસરીચંદ સંઘવી
શ્રી. ભદ્રીકલાલ જીવાભાઈ કાપડીઆ

વર્ષ ૩ જું, અંક ૮ — પ્રેરક : મુનિશ્રી ત્રૈલોક્ય સાગરજી — સં. ૨૦૧૮ જેઠ, સળંગ અંક ૩૨


## ચિંતન કણિકાઓ

હું એ રોજ જોઉં છું.

એ ફુલ તોડે છે, સૂંઘે છે ને ફેંકી દે છે.

એ ઘડીની મોજ માટે એ સૌંદર્ય ચૂંથનારને મારી આ લાલબત્તી છેઃ—" જે સૌંદર્યને તમે સર્જી શકો નહિ, એ સૌંદર્યને ચૂંથવાનો તમને કોઈ હક્ક નથી. જે તમે આપી શકો નહિ એ લેવાનો તમને કોઈ અધિકાર નથી...."

*

વાસના એ ધીમું ઝેર છે.

*

અષાઢી વાદળ સામું જો.

નિરાશાથી આખું જીવન ઘેરાયેલું છે. હૈયે વીજળીના ગરમ ગરમ ડાઘ પડ્યા છે. પણ જગતને તો તેણે સદાય નિર્મળ જલધારા જ પાયી છે. તેવી જ રીતે વેદનાથી તારું હૈયું ચીરાતું હોય, દુઃખ ને દર્દથી જીવન ઘેરાઈ ગયું હોય તો પણ, ભાઈ! તારા સહારે જે આવે તેને તો પ્રેમધારા જ પાજે....પા....જે....

*

તમે ફુલ કચડી શકો, ફોરમ નહિ. તમે મારા દેહને રીબાવી શકો; મારા અંતરના અવાજને નાહ જ નહિ....

*

હા, મેં ત્યારે જ કહ્યું માન્યું હોત તો?

એણે મને કીધું—"આ જિંદગી છે, પસંદગી નથી."

અને મેં પસંદગીમાં ને પસંદગીમાં અર્ધી જિંદગી ખર્ચી નાંખી. આજ હિસાબ કાઢું છું ત્યારે???....

*

વાંસળીને મેં પૂછ્યું—"તેં આટલો સૂરીલો અવાજ ક્યાંથી મેળવ્યો?"

"છે હિંમત એ જાણવાની? તો લે, જો, મેં એ અહીંથી મેળવ્યો છે." એ એક તીખી વેદનાથી જાણે બોલી ઊઠી.

હું ચીસ પાડી ઊઠ્યો મેં જોયું તો....

કાળજું એનું ચીરાયેલું હતું!!...

*

તને કોણે કીધું: 'જવાની જવાની છે?'

અરે! ભાઈ, એ જુઠ્ઠાણું છે. એ તો માત્ર હાડકાંના રંગ જ બદલાય છે. તારો માંહ્યલો તો અખંડ જવાન છે. નિત જવાન છે. ઊઠ, નિરાશ ન બન. જા, તારા કામે લાગી જા....

*

જીવન ગંગાના કિનારે એક દિવસ પ્રેમ ને વાસના નહાવા ઊતર્યાં.

વાસના વહેલી નાહીને આવી અને ઉતાવળમાં ને ઉતાવળમાં એ પ્રેમનાં કપડાં પહેરી ચાલતી થઈ.

પછી પ્રેમ આવ્યા. પણ આશ્ચર્ય!! એનો પોષાક ન હતો. એણે નગ્ન જ જવાનું પસંદ કર્યું અને પ્રેમ નાગો પાછો ફર્યો!!...

જગતે આ હકીકત ન જાણી અને નગ્ન પ્રેમને એણે તિરસ્કાર્યો અને પ્રેમના અંચળામાં છુપાયેલી વાસનાને વહાલ કર્યું!! ગાંડી દુનિયા આ ગોટાળો ક્યારે સમજશે?....

*

જીવનથી થાકેલો કહે છે—'મોત આવે તો સારું' મોતના જડબામાં સપડાયેલો કહે છે—"જીવ બચે તો સારું."

કહો હવે. આ ઝગડાનો નિકાલ ક્યાંથી આવે?

*

બુદ્ધિ બગડે ત્યારે માનજો હજી કંઈ જ નથી બગડ્યું.

લાગણી બગડે ત્યારે માનજો હવે કંઈક બગડી રહ્યું છે. અને અંતરનો અવાજ તમારો જ્યારે તરડાય ત્યારે માનજો તમે સર્વનાશના કિનારે ઊભા છો...

—મૃદુલ



# જમાનો માંગે છે.........

તંત્રીઓ લેખાંક (૪)

ગયા અંકમાં અમે સાધુ સાધ્વીના પ્રશ્નોની ચર્ચા વિચારણા પૂરી કરી હતી, હવે આ અંકમાં અમે સંઘના બાકીના અંગ શ્રાવક–શ્રાવિકાની ચર્ચા કરીએ છીએ.

અમને તો લાગે છે આ શ્રાવક શ્રાવિકાઓનું ક્ષેત્ર જેટલું સીજાય છે તેટલું બીજું સાતેમાંનું એકેય ક્ષેત્ર સીઝાતું નથી. અને એ તો તદ્દન હકીકત છે કે આ ક્ષેત્ર પર તો જૈન શાસનની આખી ઇમારત ઊભી રહી છે અને ટકી રહી છે. ત્યારે જે શ્રાવક–શ્રાવિકા જૈન સંસ્કૃતિના પાયારૂપ છે એ પાયો જ આજ મરામત માંગી રહ્યો છે.

આપણે ભૂતકાળમાં સર્વાંગ સમૃદ્ધ હતા અને આપણી ખૂબ જ જાહોજલાલી હતી એમ આજે યુગો સુધી ભૂતકાળના ગાણા ગાયા કરીશું તેથી કંઈ આજનો વર્તમાન સુધરી નહિ જાય. અને એ તો સૌ કબૂલ કરશે કે જે એક વખત પીળો ચાંલ્લો પાંચમાં પૂછાતો હતો તે જ આજ પીળા ચાંલ્લાને જોઈ મોં મચકોડે છે. આ માટે બીજા કોઈ જ નહિ પણ આપણે જ જવાબદાર છીએ. આપણે આપણા હાથે જ એ બદનામી ઊભી કરી છે.

જે ઐક્ય અને સાધર્મીકની દાઝ ભૂતકાળમાં હતી તે ઐક્ય આજ નથી રહ્યું. સૌ અલગ અલગ જૂથમાં વહેંચાઈ ગયાં છે. દરેક જણ દરેકની જ્ઞાત અને ગોળ સંભાળીને બેસી ગયું છે. અને નજરનું વર્તુળ એટલું બધું સંકુલ બની ગયું છે કે અમુક પરીધની બહાર નજર જતી જ નથી. આમ સાધર્મીકની સાચી દાઝ તો હવે ગઈ કાલની જ વાત બની છે.

પણ સૌથી સળગતો સવાલ તો સમાજ પાસે આજ આ છે: આજની પેઢી તેમજ ઉગતી પેઢીને જૈનધર્મમાં સ્થિર કેવી રીતે બનાવવી ?

આજનો યુવાન વર્ગ જૈનધર્મથી વિમુખ બની ગયો છે. ઠીક છે કુળના સંસ્કાર પ્રમાણે વડીલોની બીકે એ દર્શન–પૂજા–પ્રતિક્રમણ એવું કંઈક થોડું કરી રહ્યો છે. પરંતુ ધર્મની દાઝ, તેનું સાચું સ્વમાન; પોતે જૈન છે મહાન ધર્મનો પાલક છે એવું ગૌરવ આજ તેનામાં નથી રહ્યું. સેંકડે બહુ ઓછા ટકા એવા યુવાનો મળી આવશે કે જે આજ જૈન ધર્મને સાચી રીતે જાણતા હશે. અને ન જાણવાનું તેમને દુઃખ પણ નથી.

યુવાન વર્ગની આ ધર્મ ગરીબાઈ કેવી રીતે દૂર કરવી ? એ માટે કોણ જવાબદાર, યુવાનો કે તેમના વડીલો ? યુવાનો પોતે એ ગરીબાઈ દૂર કરવા માંગે છે કે કેમ ? આ અને આવા બીજા અનેક સવાલો સમાજ પાસે તેના કાર્યકરો પાસે ઉકેલ માંગે છે,

આ ગરીબાઈનો જ્યારે અમે વિચાર કરીએ છીએ ત્યારે અમને સ્વામી વિવેકાનંદે એક ઠેકાણે કેટલાક ઉચ્ચારેલા શબ્દોની યાદ આવે છે. "જે ધર્મ ભૂખ્યાને જમાડી શકતો નથી, દીન દુખીયાઓના આંસુ લૂછી શકતો નથી તેને ધર્મ કહેવડાવવાનો કોઈ હક્ક નથી." એક સમય એવો હતો કે આપણા સમાજમાં કોઈ ભૂખ્યું ઉંઘતું ન હતું. પહેલા એના પેટની ચિંતા કરવામાં આવતી હતી. જ્યારે આજે?

એવા અનેક કુટુંબો છે કે જેના બાળકો રાતના લોટો પાણી પીને સૂઈ જાય છે, એવી દુખીઆરીઓ છે કે જે પોતાના એક પછી એક ઘરેણાં વેચીને પોતાના સંતાનોને મોટા કરે છે. અરે જૈન માતાઓ એક જમાનામાં ઘેર બેસીને પોતાના સંતાનોને જૈન સંસ્કૃતિનું ધાવણ ધવડાવતી હતી એ આજ પોતાના બાળકોને રડતા મૂકીને પાપડ વણવા જાય છે, પાણી ભરવા જાય છે. કાલા ફોલવા જાય છે. પેટનો ખાડો પૂરવા ભણવાની ઉમરવાળા નાના કુમારો પણ હવે તો કંઈક ઠેકાણે કામ કરતા જોવા મળે છે. અરે! જે જૈન ઘરો એક દિવસ સદાવ્રત જેવાં હતાં એ જ ઘરના પુરુષો આજ હોટલમાં લોકોના એઠાં ઉંચકે છે. જે કુળની યુવાન બેનો ગઇ કાલે ઘરમાં બેસી જૈન ધર્મના પાઠ ભણતી હતી તે યુવાન બેનો આજ ઓફિસમાં અનેક ગીધ નજરોની વચ્ચે કામ કરે છે. જ્યાં આમ પેટ સળગતું હોય, ભૂખ ભડકે બળતી હોય, બાળકો દૂધ માટે ટળવળતા હોય, વૃધ્ધો દવા વિના રીબાતા હોય, ઘરનો એક એક રુષ્ય એક ટંકના રોટલાની ચિંતામાં જીવતો હોય ત્યાં આપણે બૂમો મારીએ કે આજ પહેલાં જેવું નથી રહ્યું તો એ બૂમોનો શો અર્થ? એ સાંભળે પણ કોણ?

હા, આજ મોંઘવારી વધી ગઈ છે, એક કમાય ને બધા ખાય એ આજ પોસાય તેમ નથી, તેથી બેનો પણ થોડોક આર્થિક બોજ સહન કરે એ અનિવાર્ય છે. પણ એ અનિવાર્ય છે તેથી જ તે શું ચલાવી લેવું એ કંઈ ઠીક ગણાશે? પૈસાને અભાવે દર્દી મરી જાય તેથી અનિવાર્ય ગરીબાઇને લીધે એ મોતને કંઈ થોડું વધાવી લેવાય છે?

અને આપણા સમાજની આ હાલત માટે શું એકલી મોંઘવારી જ જવાબદાર છે? હરગીઝ નહિ. મોંઘવારી એક અગત્યનું કારણ જરૂર છે. પણ આ માટે સમાજની ઉદાસીનતા પણ કંઈ ઓછી જવાબદાર નથી.

સમાજ પાસે સાધન અને સગવડ નથી એવું પણ નથી. આપણો સમાજ પછાત કોમ જેવો ગરીબ અને દલિત હોત તો તો અમો આ લખત જ નહિ પરંતુ આપણા સમાજ પાસે ઘણું ઘણું છે. ધન છે અને ખર્ચનારો પણ છે. ક્યાં ખરચવું એ કાર્ય પણ છે. પણ મોટા દુઃખની વાત એ છે કે નાવ એક છે, જવાની દીશા પણ એક છે. પરંતુ નાવના સુકાનીઓ એટલા બધાં છે કે એક સુકાની નાવને આ બાજુ ખેંચે છે તો બીજો સુકાની બીજી તરફ ખેંચે છે. પરિણામે નાવ ક્યાંય ઠીક જગાએ પહોંચી શકતું નથી અને સમય તેમજ શકિત બધું જ એમને એમ ખરચાઈ જાય છે.

આ અંકમાં અમે માત્ર આછો અંગુલિ નિર્દેશ જ કર્યો છે આવતા અંકે આ બધી ગરીબાઈ અંગે શું કરવું તેની વિશ્લેષણા કરીશું. વાંચકોને પોતાના મંતવ્યો મોકલવા વિનંતી કરીએ છીએ.

# ગંગાના ઓવારેથી.....

લે. શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજી

આત્માની ઉન્નતિને 'આત્મોન્નતિ' કહે છે. જ્ઞાની પુરુષો આત્માની શોધ કરે છે. આત્મા શરીરની અંદર રહ્યો છે. અને તે સૂર્યની પેઠે સર્વ પદાર્થોનો પ્રકાશ કરે છે. આત્મા અનાદિ કાળથી છે અને તે પ્રતિ શરીર ભિન્ન ભિન્ન છે. અનંત આત્માથી તીર્થંકરોએ કહેલા છે. તેમ જ આત્મા સંબંધી વેદાંત મીમાંસા, જૈમિનેય સાંખ્ય અને વૈશેષિક વગેરે દર્શનો વિવેચન કરે છે.

આત્માની ઉન્નતિ જ્ઞાન અને શુભ આચારથી થઈ શકે છે અને નઠારા વિચારો તથા નઠારા આચારોથી અવનતિ થાય છે. આત્માની નાસ્તિકતા જડવાદીઓ કહે છે અને તેઓ પૃથ્વી તત્ત્વ, જળ તત્ત્વ અગ્નિ તત્ત્વ અને આકાશ તત્વ એ પંચભૂતોના સંયોગે ચૈતન્ય માને છે, પણ પંચભૂત થકી આત્મા ભિન્ન છે, એમ હાલના કેટલાક જડવાદીઓ પણ માનતા થયા છે. અને ઇંગ્લેન્ડ અમેરિકા વગેરે દેશોમાં પણ ચૈતન્યવાદ પ્રસર્યો છે. પંચભૂત થકી આત્મા ભિન્ન છે એમ કેવળજ્ઞાનથી સર્વજ્ઞોએ કહેલું છે. અને તે સિદ્ધાંતોથી સિદ્ધ થાય છે. આવો સિદ્ધાંત છેલ્લા તીર્થંકર શ્રી મહાવીર સ્વામી કે જે આજથી ૨૪૩૫ વર્ષ પર વિદ્યમાન હતા તેમણે કહેલો છે. અને તેમનાં પહેલાં ૨૫૦ વર્ષ ઉપર થઇ ગયેલા શ્રી પાર્શ્વનાથ તીર્થંકરે પણ કહેલો છે. અને તેમના પહેલાં શ્રી નેમિનાથ ભગવાન, તેમના પહેલાં શ્રી મુનિસુવ્રત સ્વામી અને પાછળ જતાં છેવટ પ્રથમ તીર્થંકર શ્રી ઋષભદેવ સ્વામી થયા. તેઓએ પણ કેવળજ્ઞાનથી એક સરખો ઉપદેશ કહ્યો છે. યુરોપ, અમેરિકા વગેરે દેશોમાં હાલ સુધી લોકો જડવાદને માનતા હતા પણ 'મેસ્મેરીઝમ' 'ભૂતવાહન' ક્રિયાથી તે લોકો જડથી ચૈતન્ય તત્ત્વ ભિન્ન છે એમ સ્વીકારવા લાગ્યા અને હાલ ચૈતન્ય તત્ત્વનો સિદ્ધાંત વિશેષતઃ ત્યાં પ્રસરતો જાય છે.

જ્ઞાન દર્શન અને ચારિત્ર વગેરે ગુણો આત્મામાં રહેલા છે. અને તે કર્માવરણો દૂર થતાં ખીલે છે. બીજા પ્રાણીઓનાં આત્મા કરતાં મનુષ્યનો આત્મા ઉચ્ચ ગણાય છે. કેમકે તેની શક્તિઓ એકેન્દ્રિયાદિ જીવો કરતાં વિશેષ ખીલેલી છે. માટે ઉત્તમ સામગ્રી પામી ઉન્નતિ કરવા વિશેષતઃ પ્રયત્ન કરવો જોઇએ.

કેટલાક જીવો પુણ્યથી સુખી દેખાય છે. અને કેટલાક પાપથી દુઃખી દેખાય છે પણ આત્મતત્ત્વ તો સર્વમાં એક સરખું રહેલું છે. બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શુદ્ર વગેરે જાતિઓ જોકે વ્યવહારથી પડેલી છે તો પણ આત્મદૃષ્ટિથી જોતાં સર્વ મનુષ્યોનાં શરીરમાં

આત્મતત્ત્વ તો સર્વમાં એક સરખું જ વ્યાપી રહેલું છે. દરેક વર્ણે જો આત્માની ઉન્નતિ કરવી હોય તો નીચ ભાવના દૂર કરવી જોઇએ અને ઉચ્ચ ભાવના રાખવી જોઈએ. આત્મદૃષ્ટિથી જોતાં સર્વ જીવ ઉપર સમાન ભાવના રાખવી જોઈએ. કારણ કે આત્મા નિરંજન, નિરાકાર જ્યોતિ સ્વરૂપ છે. કર્મના યોગથી દરેકની સ્થિતિ થએલી છે તો પણ આત્મસત્તા તો દરેક જીવમાં એક સરખી જ રહેલી છે.

ગૃહસ્થો સર્વ જીવોને એક સરખા માનીને ધાર્મિક અને વ્યવહારિક કેળવણી આપીને મનુષ્યોની ઉન્નતિ કરવા ધારે તો ઉન્નતિ થઈ શકે. કેળવણી વિના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવની સમજણ પડતી નથી. ઉન્નતિના ઉપાયો સૂજતા નથી તેમ વ્યવહારના દરેક કાર્યોમાં કેળવણી ઉપયોગી છે. જાપાન કે જે દેશ ૪૦ વર્ષ પહેલાં કંઈ જ હિસાબમાં ન હતો તેણે કેળવણી લીધી ને રશિયા જેવા મોટા રાષ્ટ્ર પર જીત મેળવી. શ્રી ગાયકવાડ સરકારે પોતાના રાજ્યમાં ફરજીયાત કેળવણી દાખલ કરી તે માટે નામદારને ધન્યવાદ ઘટે છે.

જ્ઞાતિ, કુટુંબ, ગામ, દેશને સર્વનું ભલું કરવાની ઇચ્છાવાળાએ કુસંપનો ત્યાગ કરવો જોઇએ. ચોરી, વ્યભિચાર અને વિશ્વાસઘાત વગેરે દુર્ગુણોનો ત્યાગ કરવો જોઇએ. રંક કે રાજા હોય તો પણ આવા સદ્ગુણો વિના ઉન્નતિ થઈ શકે નહિ સંસ્કૃત, ગુજરાતી અને અંગ્રેજી વગેરે ભાષા ભણી અનેક ગ્રંથોનો અભ્યાસ કરવામાં આવે તો પણ મનને કેળવી નીતિમાન નહિ થવાય ત્યાં સુધી ઉન્નતિ થવાની નથી. ધર્મ વિના નીતિની ઉન્નતિ થઈ શકતી નથી. અને નીતિ વિના કેળવણી લુખ્ખી છે. સદ્ગુણોથી આત્માની ઉન્નતિ થઈ શકે છે એમ તીર્થંકરો કહે છે.

**દરેક ધર્મવાળાઓ ખંડન મંડનમાં નહિ ઉતરતાં આવા સદ્ગુણો ધારણ કરે તો આત્માની ઉન્નતિ થવામાં કંઇ હરકત જણાતી નથી.**

આત્મોન્નતિ કરવામાં ગુણ ગ્રહણ કરવાની દૃષ્ટિ રાખવી જોઈએ અને દરેકે પરસ્પરના ગુણો ગ્રહણ કરવા જોઇએ. ગુણ ગ્રહણ કરવાની દૃષ્ટિથી સર્વ ધર્મોમાંથી સાર ખેંચી શકાય છે. સમભાવથી આત્માની ઉન્નતિ થઈ શકે છે.

**બુદ્ધ હોય, શ્વેતાંબર હોય, દિગંબર હોય, વેદાંતી હોય વા મુસલમાન પણ હોય પણ જો સમભાવ આવે ને રાગદ્વેષ ટળે તો તેની મુક્તિ થઈ શકે છે.**

**હિંદની અવનતિ ધર્મના કજીઆથી થઈ છે માટે ભિન્ન ભિન્ન ધર્મીઓએ સંપથી વર્તવું જોઈએ.** બીજામાં રહેલાં સારા સદ્ગુણો લેવા જોઈએ. જે સંપીને વર્તવામાં આવે તો ક્લેશ, ઇર્ષ્યા અને મારામારી દૂર થાય. શરીરના દરેક અંગો સંપીને વર્તે છે તો સુખી રહે છે પણ પરસ્પર કુસંપ કરીને રહે તો શરીર નભી શકે નહિ. આ દૃષ્ટાંતથી સંપીને રહેવાનો ફાયદો આપણને માલુમ પડે છે. દરેક ધર્મના ધર્મગુરૂઓ **સાપેક્ષ બુદ્ધિ રાખી વર્તે તો ધર્મના**

**ઝગડાઓ દૂર થઇ શકે અને તેથી ગૃહસ્થોમાં સંપ થઈ શકે.**

આવી સાપેક્ષ બુદ્ધિ શ્રી મહાવીરસ્વામીએ સ્યાદ્વાદ રૂપે પ્રરૂપી છે. શ્રી મહાવીરસ્વામીના વખતમાં કેટલાક મતવાળા આત્મા માનતા હતા, ત્યારે બૌદ્ધો કે જે તે વખતે ઉત્પન્ન થયા હતા તે આત્માને ક્ષણિક એટલે અનિત્ય માનતા હતા. આ બે દર્શનો વચ્ચે મતભેદ અને કુસંપ પ્રવર્તતો હતો. તે વખતે શ્રી મહાવીરસ્વામીએ કેવળ જ્ઞાનથી દરેકના મતની નવોતી અપેક્ષાએ સત્યતા સમજવી હતી. તેવી જ રીતે હાલના **જમાનામાં અપેક્ષા સમજવામાં આવે તો ધર્મનાં ઝગડા કમી થઇ ધર્મોન્નતિ અને દેશની ઉન્નતિ થઇ શકે.** જુના મતવાળાઓ કેળવાયેલાને ધિક્કારે છે. આમ એકબીજાની વચ્ચે કલેશ ઊભો થાય તો કોઇપણ પ્રકારની ઉન્નતિ થઇ શકે નહિં માટે બન્ને વિચારવાળાઓ પરસ્પર એકબીજાનું સત્ય ગ્રહણ કરે તો બંનેની ઉન્નતિ થઈ શકે; તેમજ વ્યવહારમાં ઉન્નતિક્રમમાં જોડાતાં પ્રજાએ રાજાની આજ્ઞા પાળવી જોઇએ. તેમજ રાજાએ પણ પ્રજાના વિચારોને માન આપવું જોઈએ. આમ રાજા પ્રજા સંપથી પરસ્પર રીતે વર્તે તો શીઘ્ર ઉન્નતિ થઈ શકે.

દોષદૃષ્ટિનો આત્મોન્નતિ કરવા માટે નાશ કરવો જોઈએ. જેમ માતા પોતાના નાના બાળકનું મળ ધોઈને સાફ કરે છે તેમ ગુણી પુરૂષોએ અન્યજનોના દોષોનો માતૃદૃષ્ટિથી નાશ કરવો જોઈએ. યોગશાસ્ત્રમાં કહ્યું છે કે શુદ્ધ વિચારોથી મનુષ્ય શુદ્ધ થઈ શકે છે અને અશુદ્ધ વિચારોથી મનુષ્ય અશુદ્ધ થઇ શકે છે. માટે જ્યાં ત્યાંથી શુદ્ધ વિચારો ગ્રહણ કરવા જોઈએ. નીતિશાસ્ત્રોમાં વર્ણવેલાં ગુણો ભિન્ન ભિન્ન દેશવાળા ધારણ કરે છે અને પાપની વૃત્તિઓને દૂર કરે તો તેઓની ઉન્નતિ થઈ શકે. બ્રહ્મચર્યનું રક્ષણ કરવામાં આવે તો તે પણ ઉન્નતિનું મોટું સાધન છે. તેને માટે નાની વયનાં લગ્ન બંધ કરવાં જોઇએ. કન્યા ને વરની ઉંમરમાં તફાવત હોવો જોઇએ.

કુમારપાળ રાજાના રાસમાં પુરૂષની પ્રાયઃ ૨૫ અને સ્ત્રીની ૧૬ વર્ષની ઉંમર લગ્ન માટે કહેલી છે. તેવી રીતના લગ્નથી પ્રજા ઉત્પન્ન થાય તે ઘણીજ બળવાન થવાનો સંભવ છે. અને બળવાન પ્રજા અનેક પ્રકારની ઉન્નતિ સારી રીતે કરી શકે. માટે નાની ઉંમરનાં લગ્ન અટકાવવાં જોઇએ તેમજ વૃદ્ધ ઉંમરના પુરુષો લગ્ન કરે છે તેથી કેટલાક પ્રસંગે અનીતિ અને તેથી નઠારી પ્રજા ઉત્પન થવાનો સંભવ છે. માટે તેનો પણ ત્યાગ કરવો જોઈએ. સ્ત્રી વર્ગને સારી સંસ્કારી કેળવણી આપવી જોઈએ તેથી પણ ઉન્નતિનો માર્ગ સરળ થાય છે. કારણ કે માતા શુદ્ધ હોવાથી પ્રજા પણ સારી થઈ શકે. **જમાનાને અનુસરી હુન્નર કળા અને વેપાર વગેરેથી પોતાની ઉન્નતિ કરવા ધારે તો દરેક મનુષ્ય કરી શકે એવો ગ્રહસ્થોનો વ્યવહાર ધર્મ છે.**

હવે ધાર્મિક ઉન્નતિ સંબંધી હું કહું છું.

દરેક મનુષ્યે હૃદયમાંથી ક્રોધ, લોભ, મોહ, મત્સર અને કામ વગેરે દુર્ગુણોને દૂર કરવા

જોઈ એ. બહારથી ટીલાં ટપકાં કરવામાં આવે પણ અંતરમાં જો સદ્ગુણો ન હોય તો પોતાના આત્માની ઉન્નતિ શી રીતે થઇ શકે ? શ્રી મહાવીર સ્વામીની આજ્ઞા છે કે સદ્ગુણોથી મુક્તિ મેળવી શકાય છે. નીચ જાતિ યા ઉચ્ચ જાતિ આદિ ભેદોની મારામારીમાં નહિ પણ પડતાં સરળતા ધારણ કરીને એટલે રાગ અને ત્યજીને આર્યપણું ધારણ કરે છે. મુક્તિ મેળવી શકે છે. દુર્ગુણોનો ત્યાગ કરવામાં તથા સદ્ગુણો મેળવવાં દુઃખ પડે તો પણ પાછા હઠવું નહિ જોઇએ. શ્રી મહાવીર સ્વામીએ આત્મોન્નતિ કરવા માટે અપાર દુઃખ સહન કરી કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું હતું. તેમનાં દૃષ્ટાંતથી હું, સર્વને સદ્ગુણો મેળવતાં કદાપિ દુઃખ વેઠવું પડે તો પણ પાછા નહિ હઠતા સદ્ગુણો પ્રાપ્ત કરવા પ્રયત્ન કરવાનો આગ્રહ કરું છું. મનથી પુણ્ય અને પાપ બંધાય છે માટે મનને વશ કરવા પ્રયત્ન કરવો જોઇએ.

વિદ્વાન થઈ અનેક પ્રકારના ભાષણ આપવામાં આવે વા અમુક પંથો સંબંધી શ્રદ્ધા કરવામાં આવે તો પણ દયા ક્ષમા, વિવેક સહનશીલતા, વૈરાગ્ય અને ધ્યાન આદિ ગુણો વિના આત્માની પરમાત્મ અવસ્થા થતી નથી. કારણ **અમુક પંથવાળાને ત્યાં મુક્તિ રજીસ્ટર કરી આપેલી નથી.** પરંતુ સર્વ મતવાળા જો સમ્યકત્વપૂર્વક આવા સદ્ગુણો ધારણ કરી લાગેલા કર્મોનો નાશ કરે તો મુક્તિ મેળવી શકે. પંથો હોય તો પણ સદ્ગુણો પ્રાપ્ત કરવામાં નહિ આવે ત્યાં સુધી મુક્તિ થઈ શકશે નહિ.

**મુખથી રામ રામ કહેવામાં આવે અથવા અલ્લા અલ્લા કહેવામાં આવે, હરિ હરિ કહેવામાં આવે અને અરિહંત અરિહંત કહેવામાં આવે પણ જ્યાં સુધી મનને વશ કરી સદ્ગુણો મેળવી જ્ઞાન ધ્યાનથી અંતઃકરણ શુદ્ધ કરી કર્મો ખપાવવામાં નહિ આવે ત્યાં સુધી આત્મોન્નતિ નહિ થઇ શકે.**

જિંદગી ઘણી અમૂલ્ય છે. તેથી જીંદગીનો એક શ્વાસોશ્વાસ પણ નકામો કાઢવો જોઈ એ નહિ. મેં તમારા આગળ વિચારો દર્શાવ્યા છે. તેનો સારાસાર વિચાર કરી તેમાંથી જે સારા વિચારો તમને લાગે તે ગ્રહણ કરશો. નહિ તો મારો ને તમારો બન્નેનો સમય નકામો જશે માટે જિંદગીનો સદુપયોગ કરશો.

[ 'વચનામૃત 'માંથી ઉદ્ધૃત ' ]

મદ્રાસ મીલના કાપડમાંથી
બનાવેલા પોશાકો
RELIEF DRESSES
બુશ કોટ, * બાબાશુટ * ચેઇનશર્ટ
પાટલુન * ફ્રૉક પાયજામા * ચડ્ડીઓ
સ્વેટર * છત્રીઓ * ટેનીસ * મફલર
ટોપીઓ
વસંત સ્ટોર્સ
માણસાવાળા
રતનપોળ, અમદાવાદ.
દર બુધવારે દુકાન બંધ રહેશે.



# ભીતરનું પાપ (વાર્તા)

લેખિકા :—શ્રી પદ્મા ફડિયા, એમ. એ., બી. ટી.

આગ્રાની પાસે એક નાનું સરખું ગામ હતું. ત્યાં એક સાધુ રહેતા હતા. એમનું નામ ભગવાનદાસ. નામ એવા ગુણ એમનામાં હતા નહિ. છતાંય એઓ પોતાની જાતને મહાન ધર્મિષ્ઠ મનાવતા. અને લોકો એમની આ બનાવટી ભક્તિને જૂએ તે ખાતર તેઓ તિલક-છાપાં, તુળસીમાળા, પાઠપૂજા અને એવું બધું તો ઘણું ઘણુંયે કરતા. આ સંસાર અસાર છે, માયામય છે, દુઃખરૂપ છે, એને છોડી દો, માયાનો ત્યાગ કરો-એવું લોકોને સમજાવી તેઓ પોતાને મહાન વૈરાગી અને ત્યાગી તરીકે ઓળખાવતા. “ મુખમેં રામ ઔર બગલમેં છુરી”—એવું એમનું જીવન હતું. અને એ રીતે એમણે એમના જીવનમાં ઘણાંય કાળાધોળાં કર્યાં હતાં. છૂપી રીતે તો ગુંડાઓની સાથે પણ એ સંબંધ રાખતા અને ગામના સારા માણસોને સતાવતા. એમાં એમને ખૂબ આનંદ પડતો; કારણ કે એવા ગુંડાઓ દ્વારા એમની અનેક અધમ લાલસાઓ પૂરી થતી. પણ એમના આ કુકર્મોની કોઈને ગંધ આવી ન હતી. તેથી સૌ એમને માનસન્માન આપતા.

હવે એ જ ગામમાં ધર્મસિંહ નામનો એક સુશીલ અને ધર્મપરાયણ રાજપૂત રહેતો હતો. તેની ઉપર ભગવાનદાસે એવી ભૂરકી નાખી હતી કે ધર્મસિંહ તો એમનો આજ્ઞાંકિત દાસ બની ગયો હતો ને રાતદિવસ એમની સેવાચાકરીમાં જીવન ગુજારતો હતો. અને આ સાધુ મહારાજ પણ એવા હતા કે એ બિચારા રાજપૂત પાસેથી અનેક પ્રકારનું કામ કરાવી લેતા. એટલું જ નહિ, પણ એને સમજાવી પટાવી એનું બધું અનાજ પણ લઈ લેતા. છતાંય બિચારો મૂઢ ધર્મસિંહ આ બનાવટી ઢોંગી મહાત્માનો દાસ બની પોતાના જીવનને ધન્ય માનતો હતો !

એક દિવસ મહાત્માજી ફરતા ફરતા કંઈ કારણસર ધર્મસિંહના ઘેર આવ્યા. ઉંબર પર પગ મુકતાં જ એમની દૃષ્ટિ ધર્મસિંહની સુંદર પત્ની રૂપકુમારી પર પડી. રૂપકુમારી ખરેખર સૌન્દર્યનો ટુકડો જ હતી. મહાત્માજી તો મોહવશ બની એની સામે જોઈ જ રહ્યા. અને પછી તો રૂપકુમારી જ જાણે એમનું સર્વસ્વ થઈ પડી હોય તેમ એમણે પોતાની બેઠક એમને ઘેર જ જમાવી. સવાર, સાંજ, બપોર બસ ત્યાં જ એમણે અડ્ડા જમાવ્યા.

આજુબાજુના લોકોને ખબર પડી કે ધર્મસિંહને ત્યાં કોઈ મહારાજ પધાર્યા છે

એટલે સૌ એમનાં દર્શન કરવા આવવા લાગ્યા. અને મહાત્માજી તો મીઠી ભાષામાં વૈરાગ્ય અને જ્ઞાનનો ઉપદેશ દેવા લાગ્યા. કોઈ કોઈ વાર ધર્મસિંહ અને એની પત્નીની સાથે પણ વાતચીત કરતાં કરતાં ધર્મોપદેશ આપવા લાગ્યા. અને ધર્મસિંહને વારંવાર કોઈ ને કોઈ રીતે બહાર મોકલતા ને પોતે આખો દિવસ એના ઘરમાં જ બેસી રહેતા. લાગ મળે ત્યારે રૂપકુમારીની સામે તીરછી નજર પણ નાંખતા.

પરંતુ મહાત્માજીનું મન કેમેય સંતુષ્ટ થતું ન હતું. એથી એમણે ધર્મસિંહને કોઈ દૂરના સ્થળે મોકલવાનો વિચાર કર્યો. પણ ક્યાં અને કેવી રીતે મોકલવો ? અને કામને બહાને તો કેટલા દિવસ મોકલાય ? આથી હંમેશને માટે એની કાશ જાય એટલા ખાતર મહાત્માજીએ એમના સાથીદાર ગુંડાઓ સાથે મસલત કરીને એક દિવસ ગામમાં રમખાણ મચાવ્યું. ગુંડાઓએ વાત ફેલાવી કે એમાં ધર્મસિંહનો હાથ હતો. ધર્મસિંહને પકડવામાં આવ્યો, એનો કેસ ચાલ્યો. કેસ તો પ્રયાગમાં ચાલવાનો હતો એથી ધર્મસિંહને પ્રયાગ જવું પડ્યું. જતાં જતાં એ મહારાજને આંસુભરી આંખે પ્રણામ કરતો બોલ્યોઃ—

"મહારાજ, જેવી કર્મની ગતિ, તમે અહીં જ રહેજો અને મારા ઘરની દેખભાળ રાખજો; હું વહેલો વહેલો પાછો આવીશ. કાંઈ કામકાજ હોય તો મારી પત્નીને કહેજો."

આમ કહી સરળ હૃદયના એ રાજપૂતે વિદાય લીધી. મહાત્માજીએ એને ખૂબ આશ્વાસન આપી નિશ્ચિંત રહેવા કહ્યું. ધર્મસિંહ ચાલ્યો ગયો.

રાતના સમયે તેઓ ધર્મસિંહને ત્યાં જમ્યા ને રૂપકુમારીને કહ્યું: 'બહેન, ધર્મસિંહ નથી એટલે ઘરમાં તું એકલી જ હોવાથી તારી રક્ષા ખાતર હું અહીં જ સૂઈ રહીશ."

રૂપકુમારી તો ખુશ ખુશ થઈ ગઈ અને મહારાજ માટે એણે બહારની ઓરડીમાં એક સુંદર ગાદી તૈયાર કરી આપી અને બે નોકરોને એમની સેવા માટે બાજુમાં જ રહેવાનો આદેશ આપ્યો.

રાતના લગભગ બાર થયા હશે ત્યાં તો એ તરફથી મહાત્માજીને ખુબ પીડા થતી હોય એવો અવાજ આવ્યો—"ઓહ, મને પેટમાં ખૂબ દુઃખે છે. જાઓ પાસેના ગામમાં વૈદરાજ પાસેથી દવા લઈ આવો....જલદી કરો."

મહારાજને માંદા પડેલા જોઈ ધર્મસિંહના બન્ને સેવકો ગભરાઇ ગયા. તેઓ દવા લેવા દોડ્યા. પણ રસ્તામાં ગુંડાઓ મળ્યા ને બન્નેને પકડીને દોરડાથી બાંધી કૂવામાં ફેંકી દીધા.

આ બાજુ રૂપકુમારીને કોઈ વાતની ખબર ન હતી. એ તો એના એકના એક પુત્રને લઈને નિરાંતે સૂઈ ગઇ હતી. અચાનક એના કાને કોઇ ખડખડ કરતો અવાજ સંભળાયો. ને એ ચોંકી ઊઠી. એકદમ સફાળી બેઠી થઈને એણે જોયું તો એના ખાટલા પાસેજ મહારાજ ઊભા હતા. રૂપકુમારી મહારાજનો ઇરાદો સમજી ગઇ. તરતજ ઊભી થઇ એણે મહારાજને જોરથી ધક્કો માર્યો. અને તરત જ ત્યાંથી બહાર નીકળી તે એક બીજી ઓરડીમાં ભરાઈ ગઈ. ભગવાનદાસ મહારાજ પહેલાં તો ગભરાયા, પણ પછી એકદમ

ગુસ્સે થઈ ઘરમાં ચારે બાજુ ફરવા લાગ્યા. અચાનક એમના હાથમાં એક તલવાર આવી પડી. એક હાથમાં એણે એ તલવાર પકડી અને બીજા હાથમાં રૂપકુમારીના એકના એક પુત્રને પકડચો અને જે ઓરડીમાં રૂપકુમારી ભરાઈ ગઈ હતી તેની બાજુમાં આવીને તે બૂમ પાડીને કહેવા લાગ્યા: "રૂપકુમારી; તારું રૂપ જોઈને મારા દિલમાં આગ લાગી છે. તારા વગર મને ચેન પડતું નથી. આજે કેટકેટલા દિવસે મને આ મોકો મળ્યો છે માટે આજે તો હું નિરાશ થઈને પાછો જવાનો નથી. હજુ પણ કશું જ બગડયું નથી. સીધી સીધી બહાર ચાલી આવ. નહિ તો તારો આ એકનો એક પુત્ર મરણને શરણ થશે."

પોતાનો એકનો એક પુત્ર! હાય, એ રડતો હતો! ચીસાચીસ કરતો હતો! એ નરપિશાચ જરૂર એને મારી નાખશે. 'ના, ના, એ મારો પુત્ર છે. એને ના મારશો, રે ના મારશો." રૂપકુમારી બાવરી બની ગઈ બારણાની સાંકળ ખોલવા એ આગળ વધી, પણ ત્યાં જ એ સ્થિર થઇ ગઈ.

"જે સ્ત્રીનું શિયળ ગયું એનું જીવતર પણ ધૂળ થયું. સ્ત્રીએ જો એનું શિયળ ખોયું તો પછી એનું કયું મહત્ત્વ રહ્યું? ના, ના, પુત્ર ભલે મૃત્યુ પામે, પણ હું, એક રજપૂત સ્ત્રી, મારા શિયળને વેચી સ્ત્રી જાતિને કલંક નહિ લગાડું." ને એ જોરથી બોલી ઊઠી:–

"ચંડાળ તું ધર્મને નામે ઢોંગ કરી રહ્યો છે અને પાપનું આચરણ કરી રહ્યો છે, પણ તારા પાપનો ઘડો આજે ફૂટી ગયો છે. જા, એક નિર્દોષ બાળકની હત્યા કરવી હોય, તો ભલે કર. પણ હું, એક પતિવ્રતા સ્ત્રી, લોભ અને ભયની મારી ધર્મને તો પ્રાણાંતે પણ છોડીશ નહિ. મારા બાળકનું જે થવાનું હશે તે થશે. ભગવાન એની રક્ષા કરશે. અને જો તું એને મારીશ તો તને બાળહત્યાનું પાપ લાગશે."

અને રૂપકુમારી ઓરડીની અંદર આંખ મીંચી, કાને હાથ દઈ પોતાના પુત્રની મૃત્યુની ઘડીઓ ગણવા લાગી.

અને ત્યાં તો મહારાજની દૃષ્ટિ ખુણામાં પડેલી કોદાળી પર પડી. એમણે વિચાર કર્યો કે કદાચ એના પુત્રને મારી નાખીશ, તો કાલે સવારે તો ફાંસીને માંચડે લટકવું પડશે. એટલે છોકરાને એક તરફ ફેંકી એમણે કોદાળી ઉપાડીને ઘરની દીવાલ તોડવા માંડી. માટીની કાચી દીવાલ તોડતાં વાર કેટલી? થોડી વારમાં એક મોટું બાકોરું પડયું.

સતી નિરાશ બની ગઈ. વ્યાકુળ હૃદયે એણે ભગવાનની પ્રાર્થના કરી ચારે તરફ જોયું: એક ખુણે દાતરડું પડયું હતું એકદમ દોડીને એણે એ ઉપાડી લીધું ને જ્યાં બાકોરું પડયું હતું ત્યાં ભીંત પાસે ઊભી રહી.

બાકોરું પડતાંજ મહારાજે એની અંદર પેસવા પહેલાં પોતાનું મસ્તક અંદર નાખ્યું ત્યાં તો 'ખચ' અવાજ થતાં એ મસ્તક ધડ ઉપરથી અલગ થઇ દૂર જઈ પડયું. રૂપકુમારીએ મહારાજને સ્વધામ પહોંચાડી દીધા.

બીજે દિવસે સૌને આ વાતની ખબર પડી. સૌ કોઈ રૂપકુમારીને ધન્યવાદ આપવા લાગ્યા:

જે સ્ત્રી પોતાના જીવનની પવિત્રતા સાચવે છે, પોતાના શિયળનું રક્ષણ કરે છે, તે જ સાચી સ્ત્રી છે.



# ગાતા ફુલ

લે. વિમર્શ

અલકાપુરીના આવાસમાં બે બેનો વાતો કરી રહી હતી.

લગભગ તો બંને બેનો સમાનવયની હતી. પરંતુ તેમને ધારીને જોનારને એક ઠીક ઠીક મોટી ને પ્રૌઢા જેવી જણાતી હતી. જ્યારે બીજી હજુ મુગ્ધા જણાતી હતી.

મોટી, જિંદગીના અસહ્ય ભારથી કચડાઈ ગઈ હોય તેમ ગંભીર લાગતી હતી. દુનિયા આખીની કડવાશ ને ખારાશ એની આંખોમાં ઊભરાતી હતી. જગતના ઝેર જાણે એની એકલીના જ હૈયામાં ઠલવાયા હોય તેમ તેની વેદનાથી તેનું મોં રૂક્ષ અને ભાવહીન કંઈક તંગ પણ લાગતું હતું. હાથ પગની નસો પણ કોઈ ગૂઢ વેદનાનો સામનો કરી ન રહી હોય તેમ ફુલેલી જણાતી હતી. અને વિશ્વ આખાથી જાણે ઘરાઈ ગઈ હોય તેમ તે ઉદાસ ને નિરાશ હતી.

એ નાની બેનને કહી રહી હતી:— "બેન ! આ સંસારનું એવું એક પણ દુઃખ નહિ હોય જે મેં ન જોયું હોય. માનવ મનની તમામ નિરાશાઓના આઘાત મારા કુણા હૈયાએ અનુભવ્યાં છે. મારા અંતરના પડ ચીરીને જો તો તને જણાશે કે ત્યાં કેટ કેટલી વેદનાઓ જખ્મી થઈને સારવારની રાહ જોઈને બેઠી છે !

અસ્તિત્વને મીટાવી દેવાનું મન થઈ આવે એવી ઘણી ઘણી યાતનાઓનો મેં સાક્ષાત્કાર કર્યો છે. હું તો દૃઢપણે માનું છું, બેન ! કે આ અખિલ બ્રહ્માંડમાં તો તે માટે મારી હોડમાં કોઈ જ ઊભું રહી શકે તેમ નથી.

"એટલે તો બેન ! માએ તારું નામ સહનશીલા રાખ્યું છે. સાથે જ હું પણ તારા એ મંતવ્ય સાથે સંમત થઉં છું." નાની બેને, મોટીની વાતને ટેકો આપ્યો.

નાની, મોટી બેન કરતાં જરા દેખાવડી હતી. સંસાર સંગ્રામનાં અનેક ઘા તેના શરીર પર દેખાતા હતા. વરસોથી યુદ્ધ માટે રઝળપાટ કરતી હોય તેમ તેનું શરીર ફેંકાઈ ગયેલું હતું. મોં પર યુદ્ધના, કંટાળાના ચિહ્ન સાફ દેખાતા હતાં. પણ એની મોહકતા તો તેની આંખોમાં હતી. તેનું સૌંદર્ય તો તેના હોઠોમાં હતું. એની આંખો નિર્મળ હતી. દુશ્મનો સામે એ લડતી હતી પરંતુ તેની આંખોમાં વૈર ન હતું. લોહી પી લેવાની કોઈ જ ઝેરી લીપ્સા તેમાં ન હતી. એની આંખોમાં તેનું ખરાબ કરનાર માટે

પણ, ભાવભીના સ્વાગત માટેની આતુરતા રમતી હતી. આથી જ તો એને હેરાન કરનાર, તેને મૂળથી મીટાવી દેનાર જ્યારે તેનાથી થાકતો ને હાર માનતો ત્યારે એ ક્રૂર ન બનતાં, તેને વહાલથી ચૂમી ભરતી ને એક મીઠું સ્મિત કરી તેને એ જતો કરતી. વહાલપનું જે એ સ્મિત એના હોઠ પર સદા રાખતી તે જ તો તેના સૌંદર્યનું સુવર્ણ શિખર હતું.

અને એને પણ તેની મોટીબેન જેમ તે વાતનું ગુમાન હતું.

'બેન! ખરેખર આપણે આપણી માનું નામ ઉજ્જવળ કર્યું છે. તારા જેવી સહનશીલા આ ધરતી પર કોઈ છે નહિ અને મારા જેવી ઉદાર ને ક્ષમાશીલ પણ હું કોઈને જોતી નથી. મને તો લાગે છે આપણું જીવ્યું સાર્થક થઈ ગયું.'

'અરે! નાદાન છોકરીઓ! આટલું બધું ગુમાન શું રાખો છો? જરા પેલા માનવ લોકમાં જાય ને ત્યાં પેલા અમીર ગરીબ મહાવીરની જિંદગી જુઓ ને પછી કહેજો કે કોની જીત થાય છે ને કોની હાર? તમને પણ પાઠ ભણાવે એવી એની જિંદગી છે...' બે બેનોની વાતોને છુપી રીતે સાંભળી રહેલો તેમનો ભાઈ બોલી ઊઠ્યો.

એ પ્રેમ હતો. મા જિંદગીનો લાડકો દીકરો. સહનશીલા ને ક્ષમાનો વહાલસોયો એકનો એક ભાઈ!! દેવલોકના વિલાસી વ્યવહારથી ગૂંગળાઈને એ માનવલોકમાં આવી વસ્યો હતો અને મહાવીરનો અંતરવાસી (અંતેવાસી) બન્યો હતો. મહાવીરના જીવનની ક્ષણે ક્ષણનો એ સાક્ષી હતો. એણે પડકાર ફેંકીને કીધું :—

'બેનો! જો મહાવીર આગળ તમારું ગુમાન ઉતરી ન જાય તો મને મરેલો માનજો. તમારી જીત થશે તો હું મારા પ્રાણ પાથરી દઈશ અને જો તમે હારી જાવ તો તમે એ વિશ્વભૂતિની સદાય માટે સેવા કરજો....'

સહનશીલા ને ક્ષમાએ એકબીજાના સામું જોયું. અને આંખથી જ વાતો કરી બંનેએ પ્રેમનો પડકાર ઝીલી લીધો.

બંને બેનો આ ધરતી પર આવી અને મહાવીરની અંતરવાસી બની.

વરસો વહી ગયાં. કોઈને હવે સ્વર્ગ યાદ આવતું નથી. દેવલોક જાણે ખતમ થઈ ગયો છે અને હોય તો આ મહાવીરના અંતરમાં જ છે એમ તેમને લાગવા માંડ્યું.

એક દિવસ બંને બેનો મહાવીરના અંતર ઓરડામાં બેઠી હતી ત્યાં પ્રેમ આવ્યો. અને પૂછ્યું :

'કેમ, હવે તમારા ગુમાનના શા હાલ છે?'

'સાચે જ પ્રેમ! અમારી હાર થઈ. હું તો માનતી હતી કે હું જ અખિલ બ્રહ્માંડમાં એક સહનશીલા છું. પણ ના, મહાવીરને જોયા પછી, તેની જિંદગી નજરે જોયા પછી તેના સાક્ષી બન્યા પછી તો મારે કહેવું

જોઈએ. મારાથી તો તે લાખ દરજ્જે વધુ સહનશીલ છે.' મોટી બેન બોલી ઊઠી.

'પ્રેમ ! મારૂં પણ અભિમાન એને જોઈ ગળી ગયું છે. સાચી ક્ષમા કોને કહેવાય એતો એણે જ મને શીખવ્યું. એણે મને શીખવ્યું છે :—

ગુનેગારો, આતતાયીઓ, અત્યાચારીઓ, પાપી અને નરાધમોને તેમજ દલિત અને પતિતોને માત્ર માફી આપી અટકી ન જાવ. ક્ષમા એ બે દિલોની કડવાશનું અંતિમ સોપાન નથી. એ તો બે દિલોના મીઠા સંબંધોની શરૂઆત કરતું એક મધ્યબિંદુ છે. તમારા અપરાધીને માફ કરી તેને તમારા દિલમાં બેસાડી તેને સદાય પ્યાર કરો. વહાલથી તેના ભાંગેલા જીવનની માવજત કરો. 'માફ કરો ને પ્યાર કરો' એ મને જાણે એનું જીવનસૂત્ર લાગ્યું...'

ક્ષમા તેની વાત પૂરી કરે ત્યાં જ સહનશીલાએ પોતાની વાત શરૂ કરી.

'પ્રેમ ! એણે તો મને જીવન જીવવાની સાચી દીશા બતલાવી. હા, એણે મને પાસે બેસાડીને સલાહ કે શીખામણનો એક શબ્દ પણ નથી કીધો પરંતુ એના મૌને મને ઘણું ઘણું આપ્યું છે. એના મૌને જ મને જીવન દીક્ષા આપી કે—

પડ્યા પડ્યા કે સૂતા સૂતા નહિ, જાગતાં સહન કરો. રડતા રડતા નહિ, હસતાં હસતાં સહન કરો. લાચાર બનીને નહિ, વીરતાથી સહન કરો. ફરીયાદ કરીને નહિ, શાંતિથી સહન કરો....'

'બેન ! મને પણ એની પાસેથી વિશુદ્ધ તાલીમ મળી છે. એની પાસેથી જ હું ભણ્યો છું કે અસત્ય ને અત્યાચાર સામે ખૂબ લડો. લોહીના અંતિમ બૂંદ સુધી લડો. 'લડો પણ પ્રેમથી લડો' એ એણે શીખવેલો મારો જીવન મંત્ર છે.' પ્રેમે પણ પોતાનો અનુભવ કીધો.

*

જ્યારે મેં જિંદગીના આ ત્રણેય સંતાનોની હૃદય પરિવર્તનની કથા સાંભળી ત્યારે સાંજની પ્રાર્થનામાં મારાથી સહેજેય બોલાઇ ગયું કે—

વહાલા ! મારા, તું માત્ર મહાવીર નથી, સહનશીલા, ક્ષમા અને પ્રેમની ત્રિમૂર્તિ છે તું તો ત્રિમૂર્તિ !!!...

★


"બુદ્ધિપ્રભા"

અવશ્ય વાંચો.

વાર્ષિક લવાજમ ફક્ત રૂ. ૩-૦૦

"બુદ્ધિપ્રભાના" સભ્ય થનારે નીચેના સરનામે લખી જણાવવું.

બુદ્ધિપ્રભા કાર્યાલય

બ્રાન્ચ ઓફિસ

C/o પ્રકાશક: શ્રી દલસુખભાઈ ગોવિંદજી મહેતા

ઠે. ગાંધીચોક, જી. અમદાવાદ

મુ. સાણંદ.

# જૈનવાઙ્મયમાં જ્યોતિષનું સ્થાન

લેખક: પંડિત. વશિષ્ઠજી યાજ્ઞિક. હલવદ્દર (આયુર્વેદાલંકાર) –રાજકોટ

(લેખાંક ૨)

ભારત વર્ષમાં જ્યોતિષશાસ્ત્રનું ઉચ્ચ સ્થાન હતું. અને આજે પણ છે. વૈદિક વાઙ્મયમાં જ્યોતિષને વેદના છ અંગમાનું એક અંગ માન્યું છે. જ્યારે સમાજ જીવનમાં સર્વ અંગો ધર્મ સંસ્કારથી વિભૂષિત હતા, ત્યારે વિધિપૂર્વક ધાર્મિક અનુષ્ઠાન માટે અને મુહૂર્ત્ત નિર્ણય માટે કાલ ગણુનાની જરૂરીઆત પ્રાચીન કાળથી ઊભી થઈ છે અને તે કાળે યજ્ઞાદિકનાં વિધાનમાં સહાયક વેદી, યંત્ર વગેરેમાં ઉપયોગી મનાયાથી અંક વિદ્યા, રેખા, ગણિત વગેરે જ્યોતિષશાસ્ત્રના અંગો વિકાસ પામ્યા હતા. શકારંભ પૂર્વે ૩૧૮૦માં વૈદિક કાલ ગણુનાની શરૂઆત "વૈદિક કાલ ગણુના પદ્ધતિ" ગ્રંથકાર સ્વીકારે છે. શકારંભપૂર્વે ૪૧૮૦માં વર્ષોથી આર્ય લોકો વેધ લેતા અને વિષુવબિંદુ કૃતિકાના આરંભમાં, ઉત્તરાયણ બિંદુ શતતારાનાં બીજા પાદમાં આરંભમાં થાય છે એમ માનતા હતા.

જ્યોતિષશાસ્ત્રનાં પ્રાચિન ઈતિહાસમાં જૈનદર્શન માન્ય જ્યોતિષ વિદ્યાનો ઉલ્લેખ મળે છે.

### જૈનદર્શન અને જ્યોતિષવિદ્યા

બ્રાહ્મણુ જ્યોતિષનાં "વેદાંગ જ્યોતિષ" નામનાં ગ્રંથની વિચારસરણી સાથે સામ્ય ધરાવતો જૈનદર્શન માન્ય ગ્રંથ તે "સૂર્યપ્રજ્ઞપ્તિ" છે. જૈન સિદ્ધાંત સૂત્ર ગ્રંથોમાં પાંચમા ઉપાંગ તરીકે "સૂર્યપ્રજ્ઞપ્તિ" નું સ્થાન છે. જૈનદર્શન માન્ય ભૂગોળ અને ખગોળવિષેની માહિતિ આપનારા ત્રણ પ્રજ્ઞપ્તિ ગ્રંથો તે અનુક્રમે જંબુદ્વિપ પ્રજ્ઞપ્તિ, સૂર્યપ્રજ્ઞપ્તિ અને ચંદ્રપ્રજ્ઞપ્તિ છે. આ ત્રણ ગ્રંથો ઉપાંગ તરીકે મનાય છે. સૂર્યપ્રજ્ઞપ્તિ પાંચમું ઉપાંગ છે, જંબુદ્વિપ પ્ર. છઠ્ઠું અને ચંદ્ર પ્ર. સાતમું ઉપાંગ મનાય છે. સૂર્યપ્રજ્ઞપ્તિમાં એવી સવિશેષ બાબત જોઈ શકાય છે કે એ બાબતો વિષે જો આજના જૈનવિદ્વાનો પરિશ્રમ કરે તો જ્યોતિષ વિદ્યાની ઐતિહાસિક ઘણી બાબતો (વિષયો) ઉપર સારો પ્રકાશ પડી શકે તેમ છે. એટલું જ નહી પરંતુ આજના પાશ્ચિમનાં સંશોધકો અને પુરાતત્ત્વજ્ઞોને પણ જૈન વાઙ્મય વિષે જે સદ્ભાવ છે. તેમાં વૃદ્ધિ થાય તેમ છે.

### સૂર્યપ્રજ્ઞપ્તિના વીશ પ્રાભૃતો (પાહુડો)

ભગવતિસૂત્રનાં ઉપાંગ તરીકે સૂર્યપ્રજ્ઞપ્તિ પાંચમું ઉપાંગ છે. મંત્ર અને ઉપાંગની મહત્તા પરસ્પર સહાયક અને તેની ઉપયોગીતા વિષે મી. વિન્દસરનિત્જે "હિસ્ટ્રી ઓફ ઇંડિયન

લિટરેચર" ગ્રંથમાં કરેલી છે. સૂર્યપ્રજ્ઞપ્તિ સૂત્રમાં અત્રે આપેલા વીશ પ્રાભૃતોનું વર્ગીકરણ જોઇ શકાય છે. (૧) મંડલગતિ સંખ્યા, (૨) સૂર્યનું-તિર્યક્ પરિભ્રમણ, (૩) પ્રાકાશ્ય ક્ષેત્ર પરિભ્રમણ, (૪) પ્રકાશ સંસ્થાન, (૫) લેશ્યા પ્રતિઘાત, (૬) ઓજ સંસ્થિતિ, (૭) સૂર્યવારક, (૮) ઉદય સંસ્થિતિ, (૯) પૌરુષી છાયા પ્રમાણ, (૧૦) યોગ્યસ્વરૂપ, (૧૧) સંવત્સરોની આદિ અને અંત, (૧૨) સંવત્સરોનાં ભેદ, (૧૩) ચંદ્રની વૃદ્ધિ અને અપ વૃદ્ધિ, (૧૪) જ્યોતિષનાં પ્રમાણ, (૧૫) શીઘ્રગતિનિર્ણય, (૧૬) જ્યોત્સ્ના લક્ષણ, (૧૭)ચ્યવન અને ઉપપાત, (૧૮) ચંદ્ર સૂર્યની ઉંચાઈ, (૧૯) ચંદ્ર-સૂર્યનું પરિમાણ, (૨૦) ચંદ્ર સૂર્યનો અનુભવ.

### સૂર્યપ્રજ્ઞપ્તિ અને પશ્ચિમનાં વિદ્વાનો

સૂર્યપ્રજ્ઞપ્તિ ઉપર ઇ. સ. ૧૮૮૦માં જર્નલ ઓફ એશીઆટીક સોસાયટી ઓફ બંગાલનાં પુસ્તકોમાં સૌથી પહેલાં આ ગ્રંથ લખવા જણાવ્યું છે. ડો. થીબો પૂર્વે પચાસ વર્ષ ઉપર ફ્રેંચ વિદ્વાન એડવર્ડ બાયર તેણે સન. ૧૮૪૧માં Jurnal Asiatipue નામના ગ્રંથમાં એક લેખમાલા શરુ કરેલી, અને તેમાં પોતાનો અભિપ્રાય જાહેર કરેલો હતો કે " સૂર્યપ્રજ્ઞપ્તિ માં આવેલો ખગોલ અને જ્યોતિષનો વિષય તે ચીન દેશનાં જ્યોતિષ વિષયનાં ગ્રંથ "શ્યુ-પી " સાથે (Theoupey) લગભગ સામ્ય ધરાવે છે. ઈ. સ. ૧૯૨૫-૨૭નાં જનરલ ઓફ મીથીક સોસાયટીમાં આર-આમ શાસ્ત્રી એ સૂર્યપ્રજ્ઞપ્તિનો અંગ્રેજીમાં અનુવાદ પ્રસિદ્ધ કર્યો છે. તેમાં ઉપરની વાતને ટેકો મલી શકતો નથી. (અતીગ્રંથ અને સૂર્ય-પ્ર.) વિગ્રે ઉપરની વાતનું ખંડન પણ થયું છે કે સૂર્યપ્રજ્ઞપ્તિ સ્વતંત્ર જૈન ગ્રંથ છે. તેમાંથી ઘણાં ગ્રંથકારોએ તેનાં અંશો લીધા છે. પણ સૂર્ય પ્રજ્ઞપ્તિ સ્વતંત્ર જૈન ઉપાંગ છે.

### જૈનોનાં પ્રકીર્ણકો(પયન્ના)

જ્યોતિષ વિદ્યાને લગતા પ્રસંગો જૈનોના દસ પ્રકીર્ણો (પયન્ના) પૈકી ગણિ વિદ્યા નામના આઠમાં પ્રકીર્ણમાં આવે છે. જ્યોતિષ વિદ્યા સાથે નિકટનો સંબંધ ધરાવતા, બલાબલ વિધિ, નવબલ, તિથિ, નક્ષત્ર, કરણ, ગ્રહ દિવસ. લગ્ન વગેરે તેમાં આવે છે, આ પ્રકીર્ણકની રચના પદ્ધતિ પરિશિષ્ઠોને લગભગ મળતી છે. ગણિવિદ્યામાં સૌથી પ્રથમ 'હોરા' શબ્દનું દર્શન થાય છે. આ પ્રકીર્ણકનો મૂળ આધાર સુર્ય પ્રજ્ઞપ્તિ હોય તેમ માની શકાય છે. સૂર્ય પ્રજ્ઞપ્તિ ઉપર પ્રસિદ્ધ જ્યોતિષશાસ્ત્રવેત્તા વરાહમિહિરનાભાઇ આચાર્ય ભદ્ર બાહુએ નિયુક્તિ કરેલી પણ હાલમાં તે ઉપલબ્ધ નથી.

### થોડી ઉપયોગી વિચારણા

સૂર્યપ્રજ્ઞપ્તિ સૂત્ર એટલે ગણિતાનુયોગ, જેમાં જ્યોતિષશાસ્ત્રનો સમાવેશ થાય છે. આજે તો સૂર્યપ્રજ્ઞપ્તિ સૂત્રનાં અભ્યાસુ પણ કોઇ વિરલા જ હશે. જો કે ઉત્તરાધ્યયન વગેરે સુત્રોમાં નિમિત્ત જ્યોતિષાદિનો ઉપયોગ કરી આજીવિકાનો નિષેધ કરેલો છે પણ તે વિદ્યાનો કેવલ ત્યાગ સ્વીકાર્યો નથી. નિમિત્તાદિ શાસ્ત્રોની આવશ્યકતા સમજીને આચાર્યો પોતાના શિષ્યોને નિમિત્તશાસ્ત્રનાં અભ્યાસ માટે તે શાસ્ત્રનાં વિદ્વાન આચાર્ય પાસે જ્યોતિષ શાસ્ત્રનાં અભ્યાસ માટે મોકલતા હતા. આ

વિષય માટે નિશીથચૂર્ણીમાં સ્પષ્ટતાપૂર્વક પ્રમાણ મળે છે કે

**किवा वेरग्गपवण्णाणं जोतिसेणं जोणि पाहु-डेणं वा णिमित्तेणं वा पवमादिसुयं आसायणा**

વૈરાગ્ય માર્ગ સ્વીકારનારા સાધુઓને જ્યોતિષ અથવા યોનિપ્રાભૃત જ્ઞાનની શું જરૂર છે? એવું કહેવું તે શ્રુતજ્ઞાનની અશાતના છે; આજે તો આંગળીના વેઢા પર ગણી શકાય તેટલી સંખ્યા પુરતા જ્યોતિષ શાસ્ત્રનાં જાણકારો આપણા જૈન સંઘમાં હશે, જો જૈનશાસ્ત્રનો માર્મિક અભ્યાસ હોય તો જ્યોતિષશાસ્ત્રની ઉપેક્ષા સંભવે જ નહી, કારણ કે નંદી સુત્રની ટીકામાં દીક્ષા અને વ્રતોચ્ચારાદિમાં આચાર્યોને જ્યોતિષ જ્ઞાનની જરૂર રહે છે તે નીચે આપેલા પ્રમાણથી જાણી શકાશે.

**ज्योतिषं निमित्तादिकंहिसम्यक्परिज्ञायप्रव्राजन सामायिकारोपणोपस्थापन श्रुतोपदेशानुज्ञा**

જ્યોતિષ નિમિત્ત વગેરે યથાર્થ જાણીને દીક્ષા, સામાયિક વ્રતારોપણ, મોટી દીક્ષા, શ્રુતનો ઉપદેશ અને અનુજ્ઞા....ગચ્છાધિકાર વગેરે આપવા....જો આ પ્રમાણે ન કરે તો મહાન દોષ ગણાય છે.

જ્યોતિષ વિદ્યા જેવી અતિ–આવશ્યક વિદ્યા જેનો ઉપયોગ આજે આજીવિકા માટે થાય છે. એજ આપણી આજની સમાજ-સ્થિતિ છે. જૈન ગ્રંથ ભંડારોમાંથી જ્યોતિષનાં ગ્રંથોને બહાર લાવી તેનું સંશોધન જરૂરી છે.


જરમન સીલ્વર
તથા
ત્રાંબા - પિત્તળના
દરેક ઘાટના
વાસણો
હાજર
સ્ટોકમાંથી
મળશે.




સ્ટેઈનલેસ
સ્ટીલના
વોશબેસીન
તથા
સીન્કસ
હાજર
સ્ટોકમાંથી
મળશે.

★ લ્હાણાનાં દરેક જાતનાં
વાસણના સ્પેશીયાલીસ્ટ ★

ફોન નં. ૫૧૫૭૪

# મનનો ફોટો

લે. શ્રી યશવંત સંઘવી. ખંભાત

( મન પણ મનોવર્ગણાનાં પુદ્ગલોમાંથી બનેલું છે અને તે પુદ્ગલો એકના મન પાસેથી બીજાના મન સુધી કેવી રીતે પહોંચે છે તેનો સાક્ષાત્કાર કરાવતું શબ્દચિત્ર. પૂ. બુદ્ધિસાગરસૂરીશ્વરજીના અનેક વિચારોમાંનો એક વિચાર— —તંત્રીઓ )

સનાતન નિયમ હો કે નસીબની બલિહારી હો પણ જ્યાં સુધી એકનું દિલ સ્વચ્છ હોય છે ત્યાં સુધી સામાનું દિલ પણ જાણે અરીસો ન હોય તેમ તેના મનમાં પણ પ્રેમનો સ્રોત વહેતો હોય છે !

પણ એકના દિલમાં જ્યારે કાયાપલટ ભાવનાનો ફેલાવો થાય છે. ત્યારે સામાના મનમાં પણ નિર્દોષ ભાવનો નાશ થઈ મન સદોષી બની જાય છે !

આ કારણે જ એક મનની વાત બીજા મન સુધી નિરંતર પહોંચતી જ હોય છે. એ કહેવું ખોટું નથી કે તમારા મનની વાતનો હરએકના મનમાં પડઘો પડતો જ હોય છે. તેથી માણસે એ વસ્તુને હંમેશાં લક્ષ્યમાં રાખીને સ્વચ્છ ભાવનાથી સારું જ કાર્ય કરવું. સારું કરવાની શક્તિ ન હોય તો કાંઈ નહીં પણ ખરાબ કરવાનું તો કોઈ ક્ષણે પણ વિચારવું જ નહીં.

વૈજ્ઞાનિકોએ હંમેશા શોધીને માત્ર શરીરનો ફોટો લઈ શકાય તેવું જ સાધન બનાવ્યું છે, પણ જો મનનો ફોટો લઈ શકાય તેવું સાધન શોધ્યું હોય તો આપણે એકબીજાની પાસે બેસવાને લાયક રહત કે કેમ ? તે એક કોયડો બની જાત !

એક મનની વાત બીજા મન સુધી કેવી રીતે પહોંચી જાય છે તેના માટેનું એક દૃષ્ટાંત છે.

ઉનાળાના દિવસો હતા. ગરમી કહે મારું કામ. પરસેવાથી રેબઝેબ થતાં એક વૃદ્ધા અને તેની પુત્રી રણમાં ભયંકર તાપ માર્ગે પસાર થઈ રહ્યાં હતાં. વૃદ્ધાનું શરીર સારી રીતે ઘડાયેલું હોવાથી તેના મુખ ઉપર એમ નહોતું લાગતું કે તે થાકી ગઈ હોય. પણ તેની યુવાન પુત્રી અનુભવના અભાવે ખૂબ જ થાકી ગઈ હોય તેમ તેનું મુખકમળ સાક્ષી પૂરતું હતું. અસહ્ય તાપ જાણે અગ્નિની વર્ષા કરી રહ્યો હતો. તે પરસેવે ખૂબ જ રેબઝેબ થઈ ગઈ હતી. શરીર થાકી ગયું હતું. તેનાં શરીર ઉપરનાં ઘરેણાં પણ તેને અત્યારે ભારરૂપ થઈ પડયાં હતાં.

બરાબર તે જ સમયે સુંદર વદન, સશક્ત શરીર અને મસ્ત યુવાન રણમાર્ગે ઊંટ પર સ્વારી કરતો જઈ રહ્યો હતો. વૃદ્ધાની નજર ઊંટ સ્વાર પર પડે છે અને પોતાની દીકરી

ઉપર વાત્સલ્યનું ઝરણું ફૂટી નીકળે છે અને વિચારે છે કે પુત્રી થાકી ગઈ છે. લાવ આ ઊંટવાળાને વિનતી કરી બેસાડી દેવાનું કહું. ઊંટવાળાને ઊભો રાખે છે અને વૃદ્ધા કહે છે કે અસહ્ય તાપ છે, અમારું ગામ દૂર છે અને આ મારી પુત્રી ખૂબ જ થાકી ગઈ છે. તો આ મારી પુત્રીને બેસાડવાની કૃપા કરશો તો હું ખૂબ જ આભારી થઈશ.

સ્વાર મનમોજીલો હતો. તેણે પ્રત્યુત્તર વાળ્યો ' ડોશી, આ ઊંટ કાંઈ ભાડે ફેરવવા થોડો જ રાખ્યો છે? આ તો મારા મનની મોજ પૂરી કરવા માટે ઊંટ રાખ્યો છે, સમજ્યા ?

ઊંટસ્વાર આગળ વધે છે. તેના મનની ગતિ પોતાનું કાર્ય ચાલુ કરે છે. મનમાં અપવિત્ર ભાવના ઘર કરવા માંડી. તેને અફસોસ થયો. અરે રે! હું કેવો મૂર્ખ ! કંચન અને કામિની એક સાથે મળતાં હતાં. જીવન પરમ સૌભાગ્યમય બની જાત. સામે ચાલીને મેં અમૃત પ્યાલાને ઠોકર મારી. આહ ! મેં ગ્રહણ કર્યાં હોત તો જિંદગીમાં એક રોનક ચમકી જાત. આવી તક સદ્ભાગ્યે કોઈક જ વાર મળે છે. પણ હજુ કાંઈ મોડું થયું નથી. અહીં ઊભો રહું. પાછળ જ આવતાં હશે.'

હવે લાગશે કે મનની વાત બીજા મન સુધી પણ પહોંચી જાય છે. જ્યાં ઊંટસ્વારના મનમાં અપવિત્ર વાસના ફેલાઈ ત્યાં જ ડોશીના મનમાં પણ એકાએક વિચાર આવે છે.

' અરે ! આ એકાંત નિર્જન રણમાં મેં એક પરદેશીને કે જેની સાથે ન કોઈ ઓળખ ન કોઈ પીછાન ! તેને મારી યુવાન દીકરીને ઊંટ પર લઈ જવાનું કહ્યું. કેવી મારી મૂર્ખતા ! પરદેશી પુત્રીને લઈને ભાગી ગયો હોત તો જનશૂન્ય રણમાં પત્તો કેવી રીતે લાગત ? હાશ ? થાક લાગે કે મોડું પહોંચાય તેનો વાંધો નહીં. ઓ મારા પ્રભુ ! આજ તો તેં મારી લાજ રાખી !'

ખરેખર માણસને સુખમાં સોની અને દુઃખમાં જ પ્રભુ સાંભરે છે.

ત્યાં ઊંટવાળો ભેગો થાય છે. અને ડોશીને ખૂબ જ નમ્રતા પૂર્વક કહે છે કારણ કે કપટી અને કામી માણસોનાં મન એક બે નહીં પણ અનેક હોય છે. તે કહે છે કે 'માજી ! માણસ જ જો માણસને મદદ ન કરે તો તેનું જીવતર ધૂળ છે. તમારી પુત્રી ખૂબ જ થાકી ગઈ છે, લાવો હું ઊંટ પર બેસાડી દઉં.' ખરેખર પ્રપંચી માણસનું બોલવાનું જુદું અને કરવાનું જુદું જ હોય છે.

ડોશી તેના મનની વાત પામી ગઈ હતી. તેણીએ કહ્યું કે—' જ્યારે તારું દિલ સ્વચ્છ હતું ત્યારે હું પણ તારા માટે નિઃશંક હતી. જ્યારે તારા મનમાં પ્રભુનું સ્થાન શેતાને ખૂંચવ્યું ત્યારે મારાં મનમાં પણ તારા માટે શંકા ઉત્પન્ન થઈ માટે તું તારે રસ્તે પડ.'

આવા મન માટેના અનેક વિચાર યોગનિષ્ઠ આચાર્ય શ્રીમદ્ બુદ્ધિસાગર સૂરીશ્વરજી મ. સાહેબે ખૂબ જ ચિંતન અને મનન કરીને કલ્યાણના અર્થી માનવો સામે રજુ કર્યા છે તેમાંનો એક વિચાર.

★

# ગામેગામ અપૂર્વ રીતે ઉજવાયેલ શ્રી બુદ્ધિસાગર સૂરીશ્વરજીનો ૩૭મો સ્વર્ગારોહણ મહોત્સવ



પૂજ્યપાદ પ્રશાન્તમૂર્તિ આચાર્યપ્રવર શ્રીમદ્ વિજયરામસૂરીશ્વરજી મ. સા. ( ડહેલાવાળા )



પૂજ્યપાદ પ્રશાન્તમૂર્તિ આચાર્યપ્રવર શ્રીમદ્ કીર્તિસાગરસૂરીશ્વરજી મ. સા. ના શિષ્યવર્ય વયોવૃદ્ધ પ્રશાન્તમૂર્તિ મુનિરાજ શ્રી. મહીમાસાગરજી મહારાજ.

જેઓશ્રીનાં પાવન અધ્યક્ષપણાએ અમદાવાદના આંગણે અભૂતપૂર્વ ઉજવાએલો સ્વર્ગારોહણ મહોત્સવ.

---

**અમદાવાદ**—પ્રશાન્ત મૂર્તિ આચાર્ય પ્રવર પૂજ્યપાદ શ્રીમદ્વિજય **રામસૂરીશ્વરજી** મ. સા. (ડહેલાવાળા) તથા પૂ. વયોવૃદ્ધ **મહિમાસાગરજી** મ. સા. આદિની નિશ્રામાં–સદ્ગુરુદેવ **શ્રીમદ્ બુદ્ધિસાગર સૂરીશ્વરજી** મ. શ્રીની ૩૭મી સ્વર્ગારોહણ તિથિની ઉજવણી શ્રી આમલીપોળ જૈન ઉપાશ્રયમાં ગુજરાત રાજ્યના હાઈકોર્ટના માજીજજ સાહેબ શ્રી **રતિલાલભાઈ બી. મહેતા** મુખ્ય મહેમાન પધારતાં **શ્રી કનુભાઈ**ના સંગીતના સુરીલા સરોદો સાથે શરૂઆત થઈ.

જજ સાહેબના વરદ્-હસ્તે પેથાપુર નિવાસી સ્વ. **શેઠ શ્રી લાલભાઈ ભીખાભાઈ પરીખ**ના શ્રેયાર્થે તેઓના ધર્મપત્નિ **જસીબેન** તથા **સુપુત્રો** તરફથી ગુરુભક્તિ દર્શનાર્થે તૈયાર કરાવેલ ભવ્ય શ્રીમદ્ બુદ્ધિસાગર સૂરીશ્વરજીના

ઉભા તૈલ ચિત્રની અનાવરણ વિધિ કરવામાં આવી હતી. મ્યુ. ડે. મેયર શ્રી **નરોતમભાઇ** ઝવેરીના હસ્તે શ્રી જજસાહેબને **કર્મયોગ** પુસ્તકનો અર્પણ વિધિ કરવામાં આવ્યો.

**શ્રી કે. કા. શાસ્ત્રીએ** પૂજ્યપુરૂષના સ્મરણ વિષે તથા શિલ્પ, પ્રાચીનગ્રંથો અને સ્થાપત્યને લગતું ઉદ્બોધન કર્યું હતું.

**શ્રીપદ્માબેન ફડિયાએ શ્રીમદ્‌ની** જ્ઞાન મેળવવાની જિજ્ઞાસાનું સુંદર બ્યાન કર્યું હતું.

માજી હાઈકોર્ટ જજ સાહેબ શ્રી **રતિભાઇ મહેતાએ પૂ. બુદ્ધિસાગરસૂરિજી**ના ભજનોમાંથી થોડી કડીઓ વાંચી સંભળાવી હતી. ૫૦ વર્ષ પહેલાં પણ કેવી આગાહી કરી હતી. તેનું ઉદ્બોધન કરવા સાથે જૈનો અને તેની અહિંસાને લગતું સુંદર વિવેચન કર્યું હતું. ડે. મેયર શ્રી **નરોતમભાઇએ પૂ. બુદ્ધિસાગરજી**ના કવનનો ખ્યાલ આપ્યો હતો.

**શ્રી વશિષ્ઠજીયાજ્ઞિકે** જૈન-જૈનેતર દર્શનની સરખામણી કરવા સાથે આપણે અને શાસ્ત્રો કેટલાં દૂર છીએ તે સમજાવ્યું હતું.

પં. શ્રી **મફતલાલભાઈ** એ તથા પૂ. પં. શ્રી **રાજેન્દ્રવિજયજી** મ. શ્રીએ પૂ. બુદ્ધિસાગરસૂરિજીના જીવનમાંથી કંઈક ખમીર શીખીએ અને અને આજના આ પૈસા પાછળની આંધળી દોટના કાળમાં આધ્યાત્મિક જીવન ખોઈ ન નાંખીએ તે માટે પાટણની ચૂંટણી વખતનો તથા બહુમતીવાદની અસરનું સુંદર શૈલિમાં વર્ણન કર્યું હતું.

શ્રીયુત્ શેઠશ્રી **પનાલાલ ઉમાભાઈ એ** કલકત્તા, દિલ્હી ને મદ્રાસની પ્રજાના ખમીરના



શ્રીમદ્‌ના ફોટાની અનાવરણ વિધિ કરતા ગુજરાત રાજ્ય હાઈકોર્ટના માજી જજસાહેબ શ્રી. રતિલાલભાઈ બી. મહેતા.

કારણે ત્યાં કતલખાનાં ન થઈ શક્યાં. જ્યાં પાયા નખાવાના હોય ત્યાં તે જગ્યાએ ૫૦૦–૫૦૦ માણસ સૂઈ જાય. જેથી કાંઈ થઈ શકે નહીં. છેવટે ત્યાં પડતુ મૂકી મુંબઈ–દેવનારમાં કરવાનુ નક્કી કર્યું. ૬ કલાકમાં ૬ હજાર બકરાં–ઘેટાં, ૩૦૦ ગાયો–ભેંસો–ડુક્કરો વિ. કપાઈ જાય. સરકાર ક્યાં જઈ રહી છે? અને આપણે કેટલી ઉપેક્ષા સેવી રહ્યા છીએ તેનું તેઓશ્રીએ વૃદ્ધ ઉંમરે પણ ઊર્મિભર સુંદર વર્ણન કર્યું હતું.

પૂ. આચાર્ય દેવ શ્રી રામસૂરીશ્વરજી મ. શ્રી. એ દરેક પ્રવચનોના સરવાળારૂપે કહેતાં પૂ. બુદ્ધિસાગરસૂરીશ્વરજીના જીવન અને સાહિત્યમાંથી પ્રકાશ લઈ આપણે જૈનો આઝાદી આવવા છતાં હિંસાને કારણે થઈ રહેલી બરબાદીમાં ખમીરવંતા બનીએ તે વાતને સ્પષ્ટ કરી હતી.

બુદ્ધિસાગરસૂરીશ્વરજીના જયનાદ સાથે લાડુની પ્રભાવના લઈ સહુ વિખરાયા હતા. બપોરે શ્રી સંભવનાથના દેરાસરે સ્વર્ગારોહણ તિથિ નિમિત્તે સાધ્વી શ્રીજીઓનાં સદુપદેશથી તથા સા. શ્રી. બ્હેનોની પૂજા રાખવામાં આવી હતી અને ભવ્ય આંગી પૂજા રચવામાં આવી હતી.



ડે. મેયર. શ્રી. નરોત્તમભાઈ કે. ઝવેરી કર્મયોગ ગ્રંથ માજી જજસાહેબ શ્રી. રતિલાલભાઈ બી. મહેતાને એનાયત કરી રહ્યા છે.

વચ્ચે શેઠશ્રી કેશવલાલ લલ્લુભાઈ ઝવેરી બેઠેલા જણાય છે.

પ્રસંગે પ્રસંગે દરેક બાબતની અને વ્યક્તિઓની ઓળખ આપવા સાથે સમયસરની વાતોનો ખ્યાલ વિ. રીતથી સભાનું સંચાલન બુદ્ધિપ્રભાના **તંત્રીશ્રી પં. છબીલદાસ સંઘવીએ** સુંદર રીતે કર્યું હતું.

અંતમાં યોગવિભૂતિ જ્યોતિર્ધર શ્રીમદ્

## પૂજ્યપાદ જૈનધર્મ પ્રકાશક તરણતારણ મુનિશ્રી દુર્લભસાગરજી મહારાજ તથા મે. પ્રમુખ સાહેબ

અધ્યાત્મજ્ઞાન યોગી, વિશ્વવિભૂતી જૈન ધર્મ દિવાકર આચાર્ય પ્રવર શ્રીમદ્ બુદ્ધિ

સાગર સૂરીશ્વરજીનો ૩૭મો સ્વર્ગારોહણ તીથી મહોત્સવ ત્યાં ઉજવવામાં આવેલ છે તેને માટે અભિનંદન આપું છું અને દરેક રીતે સફળતા ઇચ્છું છું.

શ્રી. સૌરાષ્ટ્ર જીવદયા સમિતિ તરફથી સાડા છ વાગ્યે અમોએ પણ રાજકોટમાં બુધવારે કોલેજવાડી, ઉદાણીવિલામાં સાંજે ગુરૂ મહારાજને અંજલી આપવા માટે મેળા વડો રાખેલ છે અને તેના ખબર પૂ. મુનીશ્રી દુર્લભસાગરજી મહારાજને આપવામાં આવેલ છે.

ગુરૂમહારાજશ્રી મહાન યોગી હતા અધ્યાત્મજ્ઞાનના ભંડાર હતા અને જીવનની દરેક પળ તેઓએ દરેક ધર્મના સિદ્ધાંતો વાંચી, મનન કરી પોતાના પવિત્ર આત્મામાં ઉતારી અને અનેક મહાન ઉપયોગી ગ્રન્થો લખવામાં પસાર કરી અમર નામ કરી ગયા છે. તેમના અમર મહાન ગ્રન્થો અને ભજનોમાં આત્મ જ્ઞાન નીતરે છે અને તેમની વાણી અદભુત છે. તેમના જીવનમાંથી ઘણીજ પ્રેરણા મળી શકે છે. અને તેઓ અવતારી પુરૂષ હતા તેમ પ્રત્યક્ષ દેખાય છે.

આવા મહાન આત્માની જયંતિ ઉજવવા માટે હું આપને સર્વેને અંતઃકરણથી ધન્યવાદ આપું છું અને દરેક રીતે સફળતા ઇચ્છું છું.

વિનંતી સેવક

**મણીલાલ હાકેમચંદ ઉદાણી**

M. A. LL. B. Advocate

ના સવિનય જયજીનેન્દ્ર.

**વિજાપુર**—શ્રીમદ્ બુદ્ધિસાગર સૂરીશ્વરજીનો ૩૭ મો સ્વર્ગારોહણ મહોત્સવ મુનિશ્રી ઇન્દ્રસાગરજી મહારાજના અધ્યક્ષસ્થાને વિજાપુર સમાધિ મંદિરે જેઠ વદ ૩ તા. ૨૦–૬–૬૨ ના સવારે ૬ વાગે ઉજવવામાં આવ્યો. મુનિરાજશ્રીના મંગલાચરણ બાદ પાઠશાળાની બાળાઓએ 'પ્રભુસ્તુતિ' ને 'ગુરૂસ્તુતિ' થયા બાદ બાબુભાઈએ 'ઓ અવધૂત યોગી'નું કાવ્ય ગાઈ બતાવ્યું હતું. ત્યારબાદ મુનિરાજશ્રીએ પ્રાથમિક વિવેચન કર્યા બાદ ગુરૂ સ્તુતિના ગરબા બાળાઓએ ગાયા બાદ જ્ઞાન મંદિર, ગુરૂ મંદિર, દિવાલી બાઈ પાઠશાળાનો રિપોર્ટ સેક્રેટરી ભોગીલાલ અમથાલાલ વખારીયાએ વાંચ્યા બાદ એક ગરબો બાળાઓએ ગાયા બાદ પુના વિદ્યાપીઠમાં પાસ થયેલ વિદ્યાર્થીઓના આવેલ પ્રમાણપત્ર મણીલાલ મોહનલાલના હસ્તે વહેંચાયા બાદ બાલ મુનિશ્રી અમરેન્દ્રસાગરજીએ ગુરૂ ભક્તિના કર્તવ્યનું વિવેચન તથા ભોગીલાલ અમથાલાલના વિવેચન બાદ મુનિરાજશ્રીએ ગુરૂશ્રીના જીવન અને શ્રાવકોના કર્તવ્ય કહ્યા બાદ સભા વિસર્જન કરવામાં આવેલ.

બપોરે હસમુખભાઈ શીરચંદના ટ્રસ્ટી તરફથી પૂજા ભણાવવામાં આવી ને રાત્રે ભાવના ગુરૂ મંદિરે રાખવામાં આવેલ.

એજ લી.

**ભોગીલાલ અમથાલાલ**

—: ઓ. સેક્રેટરી :—

**સાણંદ**—જેઠ વદ ત્રીજના રોજ યોગનિષ્ઠ **શ્રીમદ્** બુદ્ધિસાગરસૂરીશ્વરજી મહારાજ

સાહેબની સ્વર્ગારોહણ તીથી નિમિત્તે વ્યાખ્યાન હોલમાં ગુરૂમૂર્તી પધરાવી. ખુબ ઉત્સાહ પૂર્વક ગુરૂજયંતી ઉજવવામાં આવી હતી.

તેમાં પૂ. પ્રવતિની સાધ્વીજી મ. શ્રી. મનોહરશ્રીજીમહારાજના આજ્ઞાવર્તી સા. શ્રી. જયપ્રભાશ્રીજી તથા સા૦ શ્રી. પુન્યપ્રભાશ્રીજીની શુભ પ્રેરણાથી બાલકો અને બાલિકાઓના પ્રાર્થના–રાસ ગરબા સંવાદ ગુરૂ આરતિ વિગેરે કાર્યક્રમો ભવ્ય રીતે ઉજવાયેલ. તેમજ સા૦ શ્રી. પુન્યપ્રભાશ્રીજીએ "ગુરૂદેવશ્રીનું જીવન અને આપણું કર્તવ્ય" તે વિશે સુંદર પ્રવચન આપેલ તેમજ માજી રેવન્યુ મેજીસ્ટ્રેટ તથા શ્રી હરીભાઈ તથા શ્રી દલસુખભાઈ શ્રી મહેશભાઈ વિગેરેના પ્રવચનો થયેલ. બાદ શેઠજી રસિકલાલ કેશવલાલભાઈ તરફથી બાલકો બાલિકાઓને ઈનામ વહેંચણી થયેલ. બપોરે ગુરૂ મંદિરમાં પૂજા સાંજે સાધર્મી વાત્સલ્ય થયેલ.

સાધ્વીજી મ. શ્રી. જયપ્રભાશ્રીજી તથા શ્રી પુન્યપ્રભાશ્રી અત્રેની અમદાવાદ પૂ. ગુરૂણીજી મ. મનોહરશ્રીજી મ. ને વંદનાર્થે જશે. બાદ ચાતુર્માસ વિસનગર પધારશે.

**રાજકોટ**—શ્રી સૌરાષ્ટ્ર જીવદયા સમિતિ તરફથી પરમતત્વજ્ઞ કર્તવ્યધર્મપરાયણ જીવદયાપ્રેમી શ્રેષ્ઠિવર્ય શ્રી મણીલાલભાઈ હુકમચંદ ઉદાણી ( એડવોકેટ ) ના પ્રેરણા પ્રયાસથી શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજી મ. સા. નો સ્વર્ગારોહણ મેળાવડો ઉદાણીવિલા ખાતે ઉજવવામાં આવ્યો હતો. ગુરૂદેવના ફોટાને પધરાવી તેઓશ્રીના જીવન પ્રસંગો ઉપર પ્રવચનો કરવામાં આવ્યા હતા. અને તેઓશ્રીનું નિસ્પૃહી અપ્રતિબદ્ધ સંતશિરોમણિ સંયમી જીવન સાથે જ્ઞાન દર્શન અને ચારિત્ર કેટલા મહાન હતા અને દેશની ધર્મની અને જૈન જૈનેતર સમાજની જીવનના અંત સુધી મહાન સેવાઓના કાર્યો કરી. એકસોને આઠ મહાન અધ્યાત્મિક અમર ગ્રંથોનો અક્ષય ખજાનારૂપે સાહિત્યવારસો મૂકી ગયા છે. અને અમરનામના કરી ગએલ છે. તે ઉપર સમિતિના દરેક સભ્યોએ જુદી જુદી સ્મરણાંજલિ અર્પણ કરવામાં આવેલ. અને સરવેઓએ મહાન અધ્યાત્મજ્ઞાન દિવાકર યોગયોગીશ્વર વિશ્વવંદ્ય વિભૂતિની પ્રકૃતિને વંદના કરી હતી. અને તા. ૨૯–૬–૬૨ ના રોજ રાત્રે નવ વાગ્યે આકાશવાણી પરથી '**નામરૂપ જીજવા**' એ શીર્ષક હેઠળ રજુ થતા કાર્યક્રમમાં **શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજી મ. સા.** ના અષ્ટાંગ યોગ સાધનાસિદ્ધિ તથા અધ્યાત્મિક અમર મહાન સાહિત્ય સર્જનના જીવન પ્રસંગોના આધારે તૈયાર કરેલો કાર્યક્રમ. '**લોકોત્તર સાહિત્ય સાધના**' રાજકોટ રેડીઓ ઉપર બ્રોડકાસ્ટ થવા પામેલ છે.

( ઉપરોક્ત નોંધપાત્ર પ્રશંસનિય ગુરૂભક્તિ સેવા કાર્ય માટે શ્રી મણીલાલભાઇ હુ. ઉદાણીના પ્રેરણાપ્રયાસ પ્રત્યે તેમજ રેડીઓ સ્ટેશન ડાયરેકટર શ્રી ગીજુભાઈ વ્યાસ પ્રત્યે હાર્દિક ધન્યવાદ સાથે આભાર ઘટે છે.

—તંત્રીઓ )

**પાલણપુર**—પૂજ્યપાદ પ્રશાન્ત મૂર્તિ આચાર્ય પ્રવર શ્રીમદ્ કીર્તિસાગર સૂરીશ્વરજી

રતિશ્રીજી તથા સ. શ્રી મયણાશ્રીજી આદિ ઠાણાએ શાહપુર સંઘની વિનંતિથી ચાતુર્માસ પધાર્યા છે.

**વિજાપુર**--પ્રશાન્તમૂર્તિ સાધ્વીવર્યશ્રી લલીતાશ્રીજી તથા સાધ્વી વર્યશ્રી મંજુલાશ્રીજી આદી ઠાણાઓ સંઘની વિનંતિથી ચાતુર્માસ પધાર્યા છે.

**મહેસાણા**--પ્રશાન્તમૂર્તિ સાધ્વીવર્યશ્રી હિંમતશ્રીજી પ્રમોદશ્રીજી આદી ઠાણાઓ સંઘની વિનંતિથી ચાતુર્માસ બિરાજમાન છે.

**કલકત્તા**--પ્રશાન્તમૂર્તિ સાધ્વીવર્યશ્રી ઇન્દ્રશ્રીજી. તથા સાધ્વીવર્યશ્રી કુસુમશ્રીજી આદિ ઠાણાઓ સંઘની આગ્રહભરી વિનંતિથી ચાતુર્માસ પધાર્યા છે.

**ગઢ**--પૂ. સાધ્વીવર્યશ્રી ભાનુશ્રીજી આદિ ઠાણાઓ સંઘની આગ્રહભરી વિનંતિથી ચાતુર્માસ પધાર્યા છે.

## અંધેરીમાં ઉજવાયેલ ભવ્ય મહોત્સવ

પૂજ્યપાદ્ પ્રશાન્તમૂર્તિ ઉપાધ્યાય પ્રવર શ્રી કૈલાસસાગરજી ગણિવર્ય તથા પ્રસિદ્ધ વક્તા પન્યાસ પ્રવર શ્રી સુબોધસાગરજી ગણિવર્યાદિ શ્રમણ ભગવંતોની શુભ નિશ્રામાં શ્રી અંજનશલાકાદિ પ્રતિષ્ઠા મહોત્સવ ધામધૂમથી વૈ. સુ. ૧૪ થી ઉજવવામાં આવેલ. આ શુભ અવસર નિમિત્તે જળયાત્રા, જન્મકલ્યાણક, દીક્ષા કલ્યાણક, વર્ષીદાનના શાનદાર વરઘોડા નિકળે તેમ જ વૈ. વ. ૬ના રોજ શ્રી સીમંધર સ્વામી વગેરે ભવ્ય જિનબિમ્બો અંજન વિધિ તેમ જ વ. ૭ના પ્રતિષ્ઠાઓ થવા પામેલ. તે દિવસે અષ્ટોતરી સ્નાત્ર, તેમ જ આખા દિવસનું સાધર્મિક વાત્સલ્ય આમેલ નિવાસી શેઠશ્રી હુકમચંદભાઈના સુપુત્રો શ્રી કેશવલાલભાઈ તથા શ્રી પોપટલાલભાઈ અને શ્રી રીખવદાસ તરફથી ભારે કિંમતી સાત છોડ અને અન્ય ભાગ્યશાળીઓ તરફથી ચાર છોડ મળી અગીયાર છોડનું ઉજમણું થવા પામેલ છે.

## શ્રી જૈન ધાર્મિક શિક્ષણ શિબિર

પૂ. આ. શ્રી વિજયધર્મસૂરીશ્વરજી, પૂ. મુનિશ્રી યશોવિજયજી, પૂ. આ. શ્રી. વિજય પ્રેમસૂરીશ્વરજીના પ્રશિષ્યો પૂ. પં. ભદ્રંકર વિજયજી તથા પૂ. પં. ભાનુવિજયજી, પૂ. મુનિશ્રી ચિત્રભાનુ આદિની પ્રેરણાથી મુંબઈના અજોડ દાનવીર શેઠ શ્રી માણેકલાલ ચુનીલાલના પ્રમુખ પદે નીમાયેલ શ્રી જૈન ધાર્મિક શિક્ષણ શિબિર નિયોજક સમિતિ (મુંબઈ) દ્વારા બે માસના વેકેશનમાં પ્રાચીન, રમણીય અને કલામય જિનમંદિરોથી વિભૂષિત અને પ્રાકૃતિક સૌંદર્યની ટોચે બીરાજતા અર્બુદગિરિના દેલવાડા તિર્થમાં શ્રી વલ્લભ પુસ્તકાલયમાં એક ગ્રીષ્મ શિબિર યોજવામાં આવી હતી. શિબિરનો પ્રારંભ તા. ૩૦-૪-૬૨ ના રોજ પૂ. આ. શ્રી. વિજય પ્રેમસૂરીશ્વરજીના પ્રશિષ્ય મુનિશ્રી ગુણાનંદવિજયજીની નિશ્રામાં શેઠ પરમાણંદ કલ્યાણજીની પેઢીનાં પ્રમુખશ્રી પુખરાજજી સીંધી (બી. કોમ. એલએલ. બી. એડવોકેટ) ના શુભ હસ્તે સમારોહપૂર્વક થયો હતો.

મુનિશ્રી ગુણાનંદ વિજયજી, તથા જૈન મિશન સોસાયટીના પ્રાણસમા મદ્રાસવાળા સ્વામીજી રૂષભદાસ જૈન, પં. શ્રી કુંવરજીભાઈ

મુંબઈના શ્રી ચીમનલાલ પાલીતાણાકર, કડીના શ્રી દલપતભાઈ, વિગેરે શિક્ષકોએ અધ્યાપન કાર્ય સંભાળ્યું હતું.

શિબિરનું સંચાલન મુંબઈના શ્રી કેશવલાલ મો. શાહ, કાંતિલાલ કે. શાહ તથા બોટાદના શ્રી ઈંદુલાલ શાહે કર્યું હતું.

પૂ. આ. શ્રી લાવણ્યસૂરીશ્વરજી, પૂ. પં. શ્રી સુશીલવિજયજી, મુંબઈના શ્રી ફતેહચંદ શાહ, અમદાવાદના પં. શ્રી શાન્તિલાલ કેશવલાલ, ઉંઝાના શ્રી પૂનમચંદ વાડીલાલ, સીરોહી પાઠશાળાના શિક્ષક શ્રી ખૂબચંદ કેશવલાલ, બ્યાવરવાળા શ્રી શૌરીલાલ નાહર, કડીના શ્રી બાબુલાલ ગીરધરલાલ મદ્રાસના શ્રી લાલચંદજી ઢઢ્ઢા, મહેસાણા પાઠશાળાના મંત્રી શ્રી ચીમનલાલ વકીલ તથા અન્ય વિદ્વાનોએ આ પ્રસંગે ખાસ પધારી પોતાના જ્ઞાન તથા અનુભવોનો લાભ આપ્યો હતો.

"જીવનમાં ધર્મનું સ્થાન" એ વિષય પર વક્તૃત્વ હરિફાઈ તથા 'આધ્યાત્મિક શિબિરના લાભો' એ વિષય પર વક્તૃત્વ તેમ જ નિબંધ હરિફાઇ યોજવામાં આવી હતી જેથી માલુમ પડયું કે આધુનિક વિદ્યાર્થીઓને વગોવવાની વર્તમાન નીતિ ખોટી છે અને આવી શિબિરોથી તેમનામાં આધ્યાત્મિકતાના દિપક પ્રજ્વલિત થઈ શકે છે. જેના પરિણામે શિબિરના અંતે ત્રીસેક જેટલા વિદ્યાર્થીઓએ પ્રભુપુજન-પછી નવકારશી કરવી, રોજ ૧૦૮ નવકારનો જાપ, રાત્રિભોજન--અભક્ષ્ય અનંતકાયનો ત્યાગ વિ. ની નૈતિક અને આધ્યાત્મિક પ્રતિજ્ઞાઓ લીધી છે. તા. ૨૫-૫-૬૨ના રોજ જૈનદર્શન અને તત્વાર્થ સુત્રની લેખિત પરીક્ષાઓ લેવામાં આવી હતી જેમાં દરેક વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

શિબિરોનો પૂર્ણાહૂતિ સમારંભ તારીખ ૨૮-૫-૬૨ના રોજ રાજસ્થાનના માનનીય રાજ્યપાલ ડૉ. સંપૂર્ણાનંદ એમ. એ. પી. એચ. ડી.ના હસ્તે ઉજવાયો જેમાં શિવમસ્તુ અને નવકારની પ્રાર્થના તથા શ્રી ગુણાનંદવિજયનો મંગલાચરણ બાદ શિબિરના ઉપકુલપતિ શ્રી ઋષભદાસ જૈને પોતાના આવકાર નિવેદનમાં ભારત સ્વતંત્ર થયા બાદ પોતાની પ્રાચીન આધ્યાત્મિક સંસ્કૃતિના પુનરૂથ્થાન કરવા માટે અનુરોધ કર્યો હતો. અને આવી આધ્યાત્મિક શિબિરોનું મહત્વ સમજાવ્યું હતું. સંસ્થાના મંત્રીવતી શ્રી શૌરીલાલ નાહરે શિબિરનો હેવાલ વાંચી સંભળાવ્યો હતો. વિદ્યાર્થીઓ વતી તેમના મંત્રી શ્રી સાગર જૈને આવી શિબિરથી વિદ્યાર્થીઓમાં જાગૃત થયેલી આધ્યાત્મિક જ્યોત વિષે ખ્યાલ આપ્યો હતો. પૂ. મુ. શ્રી. એ. પોતાના માંગલિક પ્રવચનમાં વિષયકલાનો આવેગ છોડવો, તત્વની શ્રદ્ધા પ્રાપ્ત કરવી, ગુણીજનો પ્રતિ આદર કરવો, આત્મજ્ઞાન પ્રાપ્ત કરવું. કોઈના દુઃખમાં નિમિત્ત ન બનવું પણ સૌના સુખમાં સહાય થવું વિગેરે આત્મવિકાસના માર્ગો સમજાવ્યા હતા. તથા દરેક મનુષ્યે પોતાના આત્માના ગવર્નર થઈ સંપૂર્ણાનંદ પ્રાપ્ત કરવાનો અનુરોધ કર્યો હતો, ત્યારબાદ વક્તૃત્વ નિબંધ તત્વાર્થસૂત્ર, જૈનદર્શન, ચારિત્ર ઘડતર વગેરે દૃષ્ટિથી લેવાયેલી પરીક્ષાઓનાં રૂ. ૫૦૦)

જેટલા રોકડ ઇનામો શત્રુંજયપાલજીના હસ્તે વહેંચવામાં આવ્યા હતાં. અતિથિ વિશેષ ડૉ. સંપૂર્ણાનંદે પોતાના સંદેશમાં આસુરી શક્તિનો નાશ કરવા માટે શ્રી કૃષ્ણનો અર્જુનને અપાયેલો આદેશ સમજાવ્યો હતો અને આધ્યાત્મિકતાના અભાવથી વર્તમાન વિજ્ઞાનની આશ્ચર્યજનક ઉન્નતિ હોવા છતાં થઈ રહેલા વિનાશનું કારણ સમજાવ્યું હતું. તેઓ શ્રીએ કહ્યું હતું કે "ધર્મતત્વ વિના બીજું બધું જ નકામું છે. અર્થ અને કામમાં પણ ધર્મબુદ્ધિની જ જરૂર પડવાની. દેલવાડાની આ શિબિરમાં વિદ્યાર્થીઓમાં જે ધર્મબીજ વાવવાનો પ્રયત્ન થયો તેનો વિકાસ આ વિદ્યાર્થીઓ જરૂર કરશે અને સમાજને તેનો લાભ આપશે.

અંતમાં ભૌતિકવાદના આ ભીષણ કાળમાં આધ્યાત્મિક સંસ્કાર સિંચન માટે આવા સ્તુત્ય પ્રયાસ માટે શિબિરના સંચાલકો અને વિદ્યાર્થીઓને તેઓએ ધન્યવાદ આપ્યા હતા.

સમિતિના ખજાનચી શ્રી હિંમતલાલ વનેચંદે આભારવિધિ કર્યો હતો.

તા. ૨૯-૫-૬૨ થી તા. ૨-૬-૬૨ સુધી શિબિર સમિતિ તરફથી વિદ્યાર્થીઓને મારવાડની નાની મોટી પંચતિર્થીઓની યાત્રા કરાવવામાં આવી હતી.

શિબિરના વિદ્યાર્થીઓ માટે "શિવમસ્તુ સર્વ જગતઃ" તથા "પંચતિર્થીની યાત્રા" પર ઇનામી સ્પર્ધા રાખવામાં આવી છે, જેમાં દરેક વિષયના પ્રથમ પાંચ વિજેતાઓને અનુક્રમે રૂ. ૨૫, ૨૧, ૧૫, ૧૧, ૭ ના ઇનામો આપવામાં આવશે. નિબંધો મોકલવાની છેલ્લી તારીખ તા. ૩૦-૮-૬૨ છે. નિબંધ ૨૦૦ થી ૩૦૦ લીટીનો હોવો જોઈએ. મોકલવાનું સરનામું: શ્રી જૈન ધાર્મિક શિક્ષણસંઘ, શાંતિનાથ મંદિર, પાયધુની, મુંબઈ-૩ છે.

★

## સ્મરણાંજલિ

અમદાવાદ નિવાસી સ્વ. શ્રી ભોળાભાઈ વિમળભાઈ ઝવેરીના દુઃખદ અવસાન થયાના સમાચારથી 'બુદ્ધિપ્રભા'એ એક સખ્ત આંચકો અનુભવ્યો છે. તેઓ શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજી મ. સા. ના અનન્ય ઉપાસકભક્ત હતા. દરેક પ્રસંગોપાત ગુરૂભક્તિ પ્રત્યેની જીજ્ઞાસા અને ગૌરવતાભરી અખંડ ભાવના જીવનના અંત સુધી રોમેરોમમાં સ્ફૂરણા પામી રહી હતી. સદ્‌ગતના જવાથી એક મહદ્ ગુરુભક્ત ભાવનાશિલ વ્યક્તિની ખોટ પડી રહી છે. શાસનદેવો સ્વર્ગસ્થને શાન્તિ અર્પે, અને તેમનાં વારસદાર કુટુંબીજનોને ઉપકારી ગુરૂદેવના સમુદાય તેમ જ ગુરૂભક્તિના દરેક કાર્યો પ્રત્યે વફાદાર ભાવનાશિલ બની રહેવા સદ્‌બુદ્ધિ પમાડે એ જ પ્રાર્થના.

—તંત્રીઓ

*જૈન સમાજે ખાસ અપનાવેલી......*

એમ.એમ.ખંભાતવાળાની

# મનોહર
# અગરવાટ




સુખડ, બરાસ, કેસર,
કસ્તુરી વ. સુગંધિયુક્ત
વનસ્પતિઓમાંથી
બનાવેલી હોવાથી
વાતાવરણ શુધ્ધ, પવિત્ર
અને સુગંધિત બનાવે છે.

*નિર્માતા:* એમ.એમ.ખંભાતવાળા
રાયપુર, અમદાવાદ ૧.
ફોન ૫૧૮૦૨ ગ્રામ: લોમાં

B. SHAH

# મૂડી ચ

—શ

આજે તો આપણે ભૂલા પડતા જઇએ છીએ. એવા ભૂલા પડીએ છીએ કે પાછા જ નહિ ફરાય. મધ્યમ વર્ગના માબાપો બુમો પાડે છે કે છોકરાંઓ મોંઘા પડે છે. તો તેનો ઉછેર સોંઘો થવો જોઈએ. શરીર અત્યંત સોંઘું છે. પણ આપણે તેને ભણતરથી મોંઘું બનાવ્યું છે. પણ શરીરને સોંઘું બનાવવું એ જ કળા નહિ પરંતુ તેને લાંબુ પણ બનાવવું જોઇએ. લાંબુ પહોંચે અને ખપમાં આવે એવું બનાવવું જોઇએ.

વિજ્ઞાન ભણેલો છોકરો બાવળના ઝાડ નીચે બ્રશ કરશે. તેને સુઝ જ નહિ પડે માટે શરીરને સોંઘું ખપ આવે તેવું બનાવવું જોઇએ. તેની સાથે તેને રૂપાળું પણ બનાવવું જોઇએ. હસતું મોઢું પ્રેમથી ઊભરાતું હૃદય, દેખતાંની સાથે દુઃખ જતું રહે એવું રૂપાળું શરીર હોવું જોઈએ. જોવાની દૃષ્ટિ સાંભળ-

ાની કળા, એક એક ઇન્દ્રિયની કેળવણી એવી હોવી જોઈએ કે જેનાથી શરીર રૂપાળું દેખાય.

એક મોટા કલાકાર છે. તેનો પત્ર આવ્યો કે તે ભૂખે મરે છે. એને કળા કહેવાય? જીવવું એ જુદી રીત, કળા એ બીજી રીત. કળાઆત્માના આનંદ માટે હોય છે. પે માટે નહિં. કળા એટલે મનોરંજન; આ શાંતિ; રોટલો નહિ. તો શું કરવું?

આજે તો કેળવણીનો અભાવ થ તરમાં પૈસા વધુ ખર્ચાય છે. ભણ અર્થ છે સમજ્યા વિના બોલવું તે. જે બોલાય પણ સમજીએ નહિ તે ભણવું. કેળવણીનો અર્થ જુદો છે.

આ છોકરાઓને જોઈને મને થાય છે, અરેરે! મારી મૂડી ચાલી જાય છે!....

Regd. No. G. 742

શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરિજી

# જૈન સમાજે ખાસ

## जिनागमानगम स्वाध्या-वादतत्पराः

એકલા આગમોથી જૈનશાસન પ્રવર્તતું નથી તેમ એકલા નિગમોથી જૈનશાસ્ત્ર પ્રવર્તતું નથી. માટે બંનેમાંથી એકનો નાશ ન થવો જોઈએ. જૈનોએ આગમો અને નિગમોનો સ્વાધ્યાય કરવો જોઈએ તથા તેઓનું મનન, સ્મરણ અને નિદિધ્યાસન કરવું જોઈએ.

જૈનાગમોથી અવિરૂદ્ધપણે જે જૈનોપનિષદ્ શ્રુતિયો હોય, તેને સાપેક્ષ દૃષ્ટિએ ી શકે છે.

ોનો અને નિગમોનો પ્રકાશ ના પ્રચાર કરવાથી જૈનધર્મની મહત્તાનો લોકોમાં ખ્યાલ પ્રચારી શકાય છે માટે જૈનોએ પરસ્પર અવિરૂદ્ધપણે પરસ્પર સાપેક્ષ દૃષ્ટિથી બંનેનો સ્વાધ્યાય કરવો, કરાવવો અને તેના સ્વાધ્યાય આદિના પ્રચાર માટે સાધુ ગુરૂકુળો વગેરેની સ્થાપના કરવી.

## चतुर्विधसङ्घभक्तिकराः

ચાર પ્રકારના સંઘની રક્ષા કરવી તે ભક્તિ છે. ચાર પ્રકારના સંઘને આહાર પાણીથી પોષવો એ પણ એક જાતની ભક્તિ છે. ચાર પ્રકારના સંઘને વસ્ત્રાદિકનું દાન કરવું તે પણ ભક્તિ છે. સંઘ પર આવેલાં સંકટો દૂર કરવાં, સંઘની પડતી દશાનો ઉદ્ધાર કરવો. સંઘમાં જ્ઞાન દર્શન ચારિત્રનો પ્રચાર કરવો. સંઘમાં પ્રવર્તેલી અવ્યવસ્થાનો નાશ કરવો. ચતુર્વિધ સંઘનું બળ વધે, શક્તિ વધે એવાં કર્મો કરવાં તથા એવો ઉપદેશ દેવો. ચતુર્વિધ સંઘની સંખ્યાની વૃદ્ધિ થાય એવા ઉપાયો આદરવા. ચતુર્વિધ સંઘનો સર્વ દેશોમાં ઉત્પાદ થાય એવા ઉપાયો લેવા ઇત્યાદિ પ્રવૃત્તિઓનો ભક્તિમાં સમાવેશ થાય છે.

ચતુર્વિધ સંઘ એ પચ્ચીસમો તીર્થંકર છે. જીવતાં તીર્થંકરરૂપ ચતુર્વિધ સંઘની ભક્તિ કરવાથી જૈનો તીર્થંકર કર્મ બાંધે છે અને સ્વયં સિદ્ધિને પામે છે.

આ માસિક કાન્તિલાલ ડાહ્યાભાઈ પટેલે, 'મંગલ મુદ્રણાલય' રતનપોળ, અમદાવાદમાં છાપ્યું અને તેના પ્રકાશક બુદ્ધિપ્રભા સંરક્ષક મંડળ વતી શ્રી દલસુખભાઈ ગોવિંદજી મહેતાએ સાણંદથી પ્રગટ કર્યું.